dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 169 | AD - 2026, Chaitra Sud - 09 | Friday, Dt. 27-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને ભૌગોલિક-રાજકીય તણાવને કારણે

# નાયરા એનર્જી દ્વારા પેટ્રોલમાં રૂ. ૫ અને ડીઝલમાં રૂ. ૩ નો ભાવ વધારો

**હાલમાં યુદ્ધની સ્થિતિને કારણે શિપિંગ અને પુરવઠા પર અનિશ્ચિતતાના વાદળો છવાયેલા છે**

મુંબઈ,તા.૨૬

ભારતીય ઈંધણ બજારમાં એક મહત્વપૂર્ણ વળાંકમાં, દેશની અગ્રણી ખાનગી ઈંધણ રિટેલર કંપની નાયરા એનર્જી એ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં નોંધપાત્ર વધારો કરવાની જાહેરાત કરી છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને ભૌગોલિક-રાજકીય તણાવને કારણે કંપનીએ આર્થિક બોજ ઘટાડવા માટે પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૫ રૂપિયા અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો કર્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા યુદ્ધ અને ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે. ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં લગભગ ૫૦ ટકાનો વધારો નોંધાયો છે. એક સમયે તેલના ભાવ પ્રતિ બેરલ ૧૧૯ યુએસ ડોલર સુધી પહોંચી ગયા હતા, જે હાલમાં ૧૦૦ ડોલરની આસપાસ સ્થિર થયા છે.



ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૮ ટકા આયાત કરે છે. આ પુરવઠાનો મોટો હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા પસાર થાય છે, જ્યાં હાલમાં યુધ્ધની સ્થિતિને કારણે શિપિંગ અને પુરવઠા પર અનિશ્ચિતતાના વાદળો છવાયેલા છે. આ પરિસ્થિતિને કારણે ઈંધણ માર્કેટિંગ કંપનીઓ (OMCs) પર ખર્ચનું ભારે દબાણ વધ્યું છે.

ભારતના ઈંધણ બજારમાં સરકારી માલિકીની ત્રણ મુખ્ય કંપનીઓ-ઈન્ડિયન ઓઈલ (IOCL), ભારત પેટ્રોલિયમ (BPCL), અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL)-લગભગ ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. આ કંપનીઓએ એપ્રિલ ૨૦૨૨થી સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા છે. જોકે, તાજેતરમાં તેમણે પ્રીમિયમ પેટ્રોલ (૯૫ ઓક્ટેન) માં ૨ રૂપિયા અને ઔદ્યોગિક બલ્ક ડીઝલમાં ૨૨ રૂપિયાનો વધારો કર્યો છે.

બીજી તરફ, નાયરા એનર્જી અને રિલાયન્સ-BP (Jio-bp) જેવી ખાનગી કંપનીઓને સરકારી કંપનીઓની જેમ ભાવ નિયંત્રિત કરવા માટે કોઈ સત્તાવાર સરકારી સમર્થન કે સબસિડી મળતી નથી. નાયરા એનર્જી, જે રશિયન કંપની રોઝનેફ્ટની માલિકીની છે, તે ભારતમાં આશરે ૬,૯૬૭ પેટ્રોલ પંપ ચલાવે છે. લાંબા સમય સુધી ભાવ સ્થિર રાખ્યા બાદ નુકસાન અસહ્ય બનતા કંપનીએ આ ભાવવધારો ગ્રાહકો પર નાખવો પડ્યો છે.

આ વધારાની અસર દરેક રાજ્યમાં અલગ-અલગ જોવા મળશે, કારણ કે વેટ અને સ્થાનિક કરવેરા રાજ્ય પ્રમાણે બદલાય છે. કેટલાક રાજ્યોમાં ટેક્સના માળખાને કારણે પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૫.૩૦ રૂપિયા સુધીનો વધારો જોવા મળ્યો છે. હાલમાં દિલ્હીમાં નિયમિત પેટ્રોલનો ભાવ ૯૪.૭૭ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયા પ્રતિ લિટર છે, પરંતુ નાયરાના પંપ પર ગ્રાહકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે.

# ઈરાની હુમલામાં અમેરિકાના ૧૩ લશ્કરી મથકો ધ્વસ્ત થયાનો ચોકવાનારો ખુલાસો

તેહરાન,તા.૨૬

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ'ના અહેવાલે સનસનાટી મચાવી છે. અહેવાલ મુજબ, ઈરાનના વિનાશક ડ્રોન અને મિસાઈલ હુમલામાં અમેરિકાના ૧૩ લશ્કરી મથકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જે હવે રહેવા લાયક રહ્યા નથી. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાનના સર્વોચ્ચ નેતાની હત્યા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા કુવૈત, કતાર અને સાઉદી અરેબિયામાં આવેલા



અમેરિકી થાણાઓને નિશાન બનાવ્યા છે.

હુમલાને કારણે અમેરિકી સૈનિકોએ હોટલો અને કામચલાઉ ઓફિસોમાં આશ્રય લેવો પડ્યો છે. કુવૈતના પોર્ટ શુઆઈબા અને અલી અલ સાલેમ એર બેઝને સૌથી વધુ નુકસાન થયું હોવાના અહેવાલ છે. બીજી તરફ, ઈઝરાયલે ઈરાની નૌકાદળના કમાન્ડર અલી રેઝા તાંગસીરીને ઠાર માર્યાનો દાવો કર્યો છે, જોકે ઈરાને હજુ આ અંગે મૌન સેવ્યું છે. વ્યૂહાત્મક રીતે મહત્વની હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાને કડક વલણ અપનાવ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે આ દરિયાઈ માર્ગ ભારત, ચીન અને રશિયા જેવા મિત્ર દેશો માટે ખુલ્લો રહેશે, પરંતુ અમેરિકા અને ઈઝરાયલના સાથીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય તણાવને કારણે વૈશ્વિક તેલ પુરવઠા પર ગંભીર અસર પડવાની અને ઈંધણના ભાવ વધવાની શક્યતા સેવાઈ રહી છે.

# આંધ્રપ્રદેશમાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ૧૪ મુસાફરો જીવતા ભૂંજાયા

હૈદરાબાદ,તા.૨૬

આંધ્રપ્રદેશના માર્કપુર જિલ્લામાં રાયવરમ નજીક ગુરુવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. એક પેસેન્જર બસ અને કાંકરી ભરેલી ટીપર ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કર બાદ બંને વાહનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બસમાં સવાર ૧૪ મુસાફરો બહાર નીકળી ન શકતા ઘટનાસ્થળે જ જીવતા બળી ગયા હતા.



પોલીસના જણાવ્યા અનુસાર, આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે બસના પાછળના ભાગમાં બેઠેલા મુસાફરો અંદર જ ફસાઈ ગયા હતા. સ્થાનિકો અને પોલીસની મદદથી અંદાજે એક ડઝન ઘાયલોને બચાવી હોસ્પિટલ ખસેડાયા છે. માર્કાપુરમના ડીએસપી નાગરાજુએ પુષ્ટિ કરી છે કે હજુ પણ કાટમાળમાં મૃતદેહો ફસાયેલા હોવાની આશંકા છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. રાજ્યમાં માર્ગ અકસ્માતોના વધતા પ્રમાણને રોકવા માટે તેમણે અગાઉ 'તૃતીય-પક્ષ ઓડિટ'નો નિર્દેશ આપ્યો હતો. આંકડા મુજબ, આંધ્રપ્રદેશ માર્ગ અકસ્માતોમાં દેશમાં આઠમા ક્રમે છે, જેમાં ૭૯ ટકા અકસ્માતો અતિશય ઝડપને કારણે થાય છે. મુખ્યમંત્રીએ નેલ્લોર અને તિરુપતિ સહિતના જિલ્લાઓમાં મૃત્યુદર વધવા પાછળના કારણોની તપાસ કરવા કડક આદેશ આપ્યા છે.

### અફવાઓથી દૂર રહેવા સરકારની અપીલ

# ભારતમાં ઈંધણનો પૂરતો જથ્થો : આગામી ૬૦ દિવસ સુધી પુરવઠો સુરક્ષિત

નવી દિલ્હી,તા.૨૬

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પુરવઠો સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે દેશમાં ઈંધણની અછત હોવાની અફવાઓને સરકારે પાયાવિહોણી ગણાવી છે. મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત પાસે આગામી ૬૦ દિવસ



સુધી ચાલે તેટલો ક્રૂડ ઓઈલનો વાસ્તવિક સ્ટોક ઉપલબ્ધ છે.

ભારત પાસે કુલ ૭૪ દિવસની સંગ્રહ ક્ષમતા છે, જેમાંથી હાલમાં ૬૦ દિવસનો પુરવઠો સુરક્ષિત છે. ૬ દિવસના સ્ટોકની વાતો તદ્દન ખોટી છે. દેશભરના ૧,૦૦,૦૦૦ થી વધુ પેટ્રોલ પંપ કોઈ પણ અવરોધ વિના કાર્યરત છે. પુરવઠો જાળવવા માટે પંપોની ક્રેડિટ મર્યાદા ૧ દિવસથી વધારીને ૩ દિવસ કરાઈ છે. ભારતને ૪૧ થી વધુ દેશોમાંથી તેલ મળી રહ્યું છે. રિફાઈનરીઓ ૧૦૦% ક્ષમતા પર કામ કરી રહી છે. એલપીજી (LPG) ઘરેલું ઉત્પાદનમાં ૪૦% નો વધારો થયો છે. રશિયા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાથી ૮૦૦ ટીએમટી (TMT) શિપમેન્ટ ટૂંક સમયમાં પહોંચશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી તૈયારીઓની સમીક્ષા કરશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે સોશિયલ મીડિયા પર ભ્રામક વીડિયો કે ખોટી માહિતી ફેલાવવી એ ફોજદારી ગુનો છે અને આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. નાગરિકોને ગભરાટમાં ખરીદી ન કરવા અને માત્ર સત્તાવાર સ્ત્રોતો પર વિશ્વાસ રાખવા વિનંતી છે.

# મેલી વિદ્યાથી યુધ્ધ જીતાતા હોત તો સૈનિકોની જરૂર ન પડત : ફડણવીસ

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્ર વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિવસે દેવેન્દ્ર ફડણવીસે અંધશ્રદ્ધા અને નકલી બાબાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. નાસિકના કથિત બાબા અશોક ખરાટના કેસનો ઉલ્લેખ કરતા તેમણે કટાક્ષ કર્યો કે, 'જો જાદુ-ટોણાથી સમસ્યાઓ ઉકેલાતી હોત, તો દુનિયાના યુધ્ધો ડ્રોનને બદલે લીંબુ-મરચાંથી લડાતા હોત



અને નકલી બાબાઓ ટ્રમ્પના સલાહકાર હોત.'

તેમણે ઉમેર્યું કે જો મેલીવિદ્યા અસરકારક હોત તો આતંકવાદ ખતમ કરવા સરહદ પર સૈનિકોને મોકલવાને બદલે પાંચ-દસ બાબાઓ મોકલીને સરહદ સુરક્ષિત કરી લેવાઈ હોત. ફડણવીસે શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી રેખા સમજાવતા કહ્યું કે, જે બીજાને નુકસાન પહોંચાડે તે અંધશ્રધ્ધા છે. આ ઉપરાંત, તેમણે રાજ્યમાં સજાનો દર ૮% થી વધીને ૫૦% થયો હોવાની અને મહિલા સુરક્ષા માટે લેવાયેલા કડક પગલાંની માહિતી પણ ગૃહમાં આપી હતી.




# મધ્ય પૂર્વના સંઘર્ષ મુદ્દે આજે પીએમ મોદી મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરશે

અમદાવાદ,તા.૨૬

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની અસરોની સમીક્ષા કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે સાંજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજશે. 'ટીમ ઈન્ડિયા'ની ભાવના સાથે આયોજિત આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ઈંધણ પુરવઠો જાળવી રાખવા અને જમાખોરી રોકવા માટે પરસ્પર તાલમેળ સાધવાનો છે. આચારસંહિતાને કારણે ચૂંટણીવાળા રાજ્યોના મુખ્યમંત્રીઓ આમાં સામેલ નહીં થાય, પરંતુ તેમના મુખ્ય સચિવો સાથે કેબિનેટ



સચિવાલય અલગથી બેઠક કરશે.

પીએમ મોદીએ અગાઉ સંસદમાં તેલ-ગેસના સપ્લાય અને સંગ્રહખોરી રોકવા અંગે રોડમેપ આપ્યો હતો. તેમણે રાજ્ય સરકારોને કાળાબજારી કરનારાઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા અને સામાન્ય જનતાને મોંઘવારીથી બચાવવા નિર્દેશ આપ્યા છે.



**રોડનો થોડો ભાગ ફરી બનાવવાને બદલે સમગ્ર રોડ ફરીવાર બનાવવા શહેરીજનોની માંગ, જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાશે ?**

# અમરેલીમાં કરોડોના ખર્ચે બનાવેલ સીસી રોડનું સેમ્પલ ફેલ




અમરેલી,તા.૨૬

અમરેલી શહેરમાં વિદ્યાસભાના ગેટથી કોલેજ સર્કલ સુધી તાજેતરમાં બનાવાયેલ રોડ માત્ર ત્રણ મહિનામાં જ નબળા કામના કારણે ખોદીને ફરી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ રસ્તો ક્વોલીટી કંટ્રોલ દ્વારા લેવાયેલા સેમ્પલમાં ફેલ થતાં સત્તાધીશો પર પ્રશ્નો ઊભા થયા છે. જેથી સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે, કારણ કે આ રોડના નિર્માણ દરમિયાન જ ટ્રાફિકની ભારે સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. હવે ફરીથી રસ્તો બનશે ત્યારે પણ લોકોને હાલાકી સહન કરવી પડશે. નાગરિકોનો આક્ષેપ છે કે કામમાં ગુણવત્તાનો અભાવ અને દેખરેખમાં બેદરકારીને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

શહેરજનોની માંગ છે કે નબળું કામ કરનાર એજન્સી સામે કડક કાયદેસર પગલાં લેવાં જોઈએ અને આવી એજન્સીઓને બ્લેકલિસ્ટ કરવી જોઈએ. ઉપરાંત, ફરીવાર કામના કારણે જનતાને થનારી હેરાનગતિ માટે વળતર આપવાની પણ માંગ ઉઠી છે.

શહેરીજનોનું માનવું છે કે રોડના માત્ર થોડા ભાગનું સેમ્પલ લઈને સુધારો કરવો પૂરતો નથી. જો એક જ કોન્ટ્રાક્ટર દ્વારા સમગ્ર કામ થયું હોય, તો આખા રસ્તાની ગુણવત્તાની તપાસ જરૂરી છે. જો ક્યાંય પણ નબળું કામ સામે આવે, તો આખો રોડ ફરીથી બનાવવો જોઈએ. આ સાથે જ, નિર્માણ દરમિયાન ચકાસણી કરનાર સરકારી અધિકારીઓની જવાબદારી પણ નક્કી થવી જોઈએ. જો તેમની બેદરકારી સામે આવે, તો તેમની સામે પણ કડક કાર્યવાહી કરવી જરૂરી છે. આ સમગ્ર ઘટનાએ સરકારી નાણાંના યોગ્ય ઉપયોગ અને કામગીરીની પારદર્શિતાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રામનવમીની હર્ષોલ્લાસભેર ઉજવણી



અમરેલી,તા.૨૬

અમરેલી સ્થિત શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ધોરણ ૪ થી ૧૧ ના વિદ્યાર્થીઓ દ્વારા રામનવમીના પાવન પ્રસંગની ખૂબ જ ઉમંગ, ઉત્સાહ અને શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા એકત્રિત થઈને રામલલ્લાની ભાવપૂર્વક આરતી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં મર્યાદા પુરુષોત્તમ રામનું જીવન પ્રત્યેક વ્યક્તિ માટે આદર્શ માનવામાં આવે છે. શ્રીજી વિદ્યાર્થી ભુવન દ્વારા શિક્ષણ અને સંસ્કાર સિંચન માટે હંમેશા વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે, જેના ભાગરૂપે મહાન વિભૂતિઓના જન્મદિનની ઉજવણી કરી તેમના જીવનના પ્રેરક પ્રસંગોથી બાળકોને માહિતગાર કરવામાં આવે છે. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ આ સુંદર અને ભાવભક્તિથી ભરપૂર કાર્યક્રમના આયોજન બદલ તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ભગવાન રામના ઉમદા ગુણોને પોતાના જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. આ સાથે જ, દેશમાં ફરીથી રામરાજ્ય સ્થાપિત થાય તે માટે તમામ નાગરિકો રાષ્ટ્રપ્રેમ સાથે કાર્ય કરે તેવી ભાવના પણ આ પ્રસંગે વ્યક્ત કરવામાં આવી હતી.

## સરસીયામાં રામનવમીની ભવ્ય ઉજવણી



અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લાના સરસીયા ગામ ખાતે સમસ્ત ગ્રામજનો દ્વારા રામનવમીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે રામજી મંદિર ખાતેથી સાધુ-સંતો અને વરિષ્ઠ આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં એક વિરાટ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરસીયા સુન્ની મુસ્લિમ જમાત દ્વારા શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને માર્ગ પર આવતા તમામ શ્રધ્ધાળુઓ માટે મુસ્લિમ સમાજ દ્વારા શરબત વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. સંતોની ભૂમિ ગણાતા અને જ્યાં દુધાધારી બાપુની અસીમ કૃપા તેમજ શ્યામ સુંદર ભગવાન સાક્ષાત્ બિરાજમાન છે તેવા સરસીયા ગામમાં આ ભાઈચારાની પરંપરાએ સૌના દિલ જીતી લીધા હતા.આ પાવન પ્રસંગે ગામના ગૌરવ એવા લોક સાહિત્યકાર ભાભલુભાઈ ધાધલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, જેમને તાજેતરમાં જ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી એવોર્ડ એનાયત થયો છે. કાર્યક્રમના અંતે ગામના સરપંચ મંગળુભાઈ વાળા સહિતના વડીલ આગેવાનોએ શોભાયાત્રાના યુવા આયોજકોની કામગીરીને બિરદાવી હતી.

## ખાંભામાં ભગવાન રામની શોભાયાત્રા નીકળી



રામનવમીના પાવન અવસરે આખા દેશમાં ઠેર ઠેર શોભાયાત્રાનું આયોજન થઈ રહ્યું હોય ત્યારે ખાંભામાં પણ શ્રી રામ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. તેનું સ્વામિનારાયણ મંદિરથી પ્રસ્થાન કરવામાં આવેલ, ભગવતીપરા તેમજ ખાંભા ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવેલ. આ શોભાયાત્રામાં સ્વામિનારાયણના સંતો, રાજકીય આગેવાનો, મોટી સંખ્યામાં ગ્રામજનો અને ઘોડે સવારો જોડાયા હતા.

## જાફરાબાદમાં નાના ઊંચાણીયામાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા નીકળી

જાફરાબાદ,તા.૨૬

જાફરાબાદમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુરુવારના રોજ નાના ઊંચાણીયા વિસ્તારમાં રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાનો પ્રારંભ નાના ઊંચાણીયા વિસ્તારમાં આવેલ રામ મંદિરથી કરવામાં આવ્યો હતો, જે હવેલી, ગિરિરાજ ચોક, ટાવર ચોક, ઘી ચોક, નવી બઝાર, ટાઉન પોલીસ સ્ટેશન, નવઘરા બઝાર, બંદર ચોક, કામનાથ મહાદેવ મંદિર, ન્યાય મંદિર કોર્ટ, મરીન પોલીસ સ્ટેશન, નગર પાલિકા ગાર્ડન સર્કલ, ટાઉન હોલ, પારેખ મહેતા હાઈસ્કુલ, ICICI બેંક , ચોકના હનુમાનજી મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. પછી પ્રસાદની વ્યવસ્થા જય માતાજી કન્સટ્રક્શન (મુનાભાઈ) શિયાળ નિલેશભાઈ તરફથી કરવામાં આવેલ. શોભાયાત્રા દરમિયાન ઠંડા પીણા, છાશ, ગુલ્ફી વિગેરેની સેવા સંસ્થાઓ દ્વારા આપવામાં આવી હતી.

## ચમારડી સેવા સહકારી મંડળી અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ જાહેર



બાબરા,તા.૨૬

અમરેલી જિલ્લામાં સહકારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ બાબરા તાલુકાની ચમારડી સેવા સહકારી મંડળીને જિલ્લાની શ્રેષ્ઠ મંડળી તરીકે સન્માનિત કરવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મંડળીના પ્રમુખ અશોકભાઈ રાખોલીયાને રૂપિયા ૫ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. આ મંડળી અમરેલી જિલ્લામાં સૌથી વધુ નફો કરતી મંડળી તરીકે ઊભરી આવી છે, જેમાં એક કરોડ રૂપિયા કરતાં વધુ નફો નોંધાયો છે. સાથે જ મંડળી સાથે ૧૮૦૦થી વધુ સભાસદો જોડાયેલા છે, જે તેની લોકપ્રિયતા અને વિશ્વસનીયતાનો પુરાવો આપે છે. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

## રાજુલામાં યમુનાજી કપોળ મહિલા ગ્રુપ દ્વારા ’લોટી ઉત્સવ’ અને ’નંદ મહોત્સવ’ની ભવ્ય ઉજવણી કરાઈ


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરમાં ધાર્મિક ઉમંગ અને ભક્તિભાવ સાથે લોટી ઉત્સવ અને નંદ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. યમુના મહારાણીની કૃપાથી રાજુલા યમુનાજી કપોળ ગ્રુપની વૈષ્ણવ બહેનોના સંયોજન હેઠળ આ ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે બપોરે ધર્મશાળા મુખ્ય બજારથી એક ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું, જે શહેરના માર્ગો પર રાસ-ગરબાની રમઝટ સાથે ગોવર્ધનનાથજી હવેલીએ પહોંચી હતી. ત્યારબાદ સાંજે ૫:૦૦ કલાકે ગોવર્ધનનાથજી હવેલી ખાતે નંદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન રાજુલા યમુનાજી કપોળ મહિલા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મહિલા ગ્રુપમાં અંદાજિત ૪૦ જેટલી બહેનો જોડાયેલી છે, જેઓ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## બાબરાના દિવ્યધામ વલારડીમાં ગિરિબાપુની શિવકથામાં ઉમટ્યું માનવ મહેરામણ



બાબરા,તા.૨૬

બાબરા નજીક આવેલા દિવ્યધામ વલારડી ખાતે ગિરિબાપુના વ્યાસપીઠે ચાલી રહેલી પવિત્ર શિવકથા અત્યારે ભક્તિ, શ્રધ્ધા અને આધ્યાત્મિક ઊર્જાનો અનોખો મહામેળો બની રહી છે. ‘‘હર હર મહાદેવ’’ ના ગુંજતા જયઘોષ વચ્ચે દરરોજ હજારો ભક્તો ઉપસ્થિત રહી ભગવાન શિવના મહિમાનું ભાવપૂર્વક શ્રવણ કરી રહ્યા છે. ગિરિબાપુ પોતાના સરળ અને હૃદયસ્પર્શી વક્તવ્ય દ્વારા ભગવાન શિવના ત્યાગ, તપસ્યા અને કરુણાના સંદેશને જીવન સાથે જોડીને રજૂ કરી રહ્યા છે, જેના કારણે ભક્તોમાં નવી આધ્યાત્મિક જાગૃતિ જોવા મળી રહી છે. આ ઉપરાંત, રાત્રિના સમયે લોકડાયરો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો ભક્તિ અને મનોરંજનનો સુંદર સંગમ સર્જી રહ્યા છે. આ ધાર્મિક મહોત્સવમાં ખોડલધામના નરેશભાઈ પટેલ, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉધાડ, જેનીબેન ઠુંમર સહિત સમાજના વિવિધ અગ્રણીઓ અને સાધુ-સંતોએ ખાસ ઉપસ્થિત રહીને કથાનો લાભ લીધો હતો. દિવ્યધામના નિર્માણ કાર્ય માટે ભક્તો પણ યથાશક્તિ દાન આપીને પોતાનું યોગદાન આપી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## જાહેરમાં છરી લઈ દુકાનો બંધ કરાવતા લોકોમાં ભયનો માહોલ

# અમરેલી શહેરમાં ચક્કરગઢ રોડ પર અસામાજિક તત્વોનો ત્રાસ

**પોલીસની જાણે બીક જ ન હોય તેમ વારંવાર બનતી ઘટનાઓથી શહેરીજનો ભયભીત**

અમરેલી,તા.૨૬

અમરેલી શહેરમાં જાણે કે પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ અસામાજિક પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે.

અસામાજિક તત્વોએ શહેરના હાર્દ સમાન ચક્કરગઢ રોડ પર જાહેરમાં ખુલ્લી છરી સાથે દુકાનો બંધ કરાવતા લોકો ભયભીત થઈ ગયા હતા. ચક્કરગઢ રોડ ઉપર છેલ્લા ઘણા સમયથી વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં પોલીસ દ્વારા આવા અસામાજિક તત્વોને કાયદાનું ભાન કરાવવામાં આવતું નથી. નવાઈની વાત એ છે કે ગઈકાલની ઘટનામાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા પોલીસે આવા ઈસમો વિરોધ લોકોને ફરિયાદ કરવાનું કહી કાર્યવાહી કરવાનું ટાળ્યું હતું. ત્યારે સ્થાનિક લોકોમાંથી સવાલ ઉઠ્યો છે કે આ અંગેના જાહેર રોડ પરના સીસીટીવી ફૂટેજ હોવા છતાં પોલીસ સ્થાનિક લોકો પાસે ફરિયાદ કરવાનો આગ્રહ કેમ રાખતી હશે. શું સીસીટીવી ફૂટેજના આધારે કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન થઈ શકે ?? અગાઉ પણ આ અંગે રાજકીય આગેવાનો અને પોલીસ તંત્રનું ધ્યાન સ્થાનિકોએ દોર્યું હોવા છતાં આવા તત્વો સામે પોલીસ કેમ કાર્યવાહી કરતી નથી અથવા તો કોઈ રાજકીય માણસોના ઈશારે આવા તત્વો સામે કાર્યવાહી ન થતી હોવાનું સ્થાનિક લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

**આવા તત્વોને પોલીસ જાહેરમાં ભાન કરાવે તેવી લોકોમાંથી ઉઠી માંગ**

# ધારી શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય : રહીશોમાં રોષ


તસવીર : સંજય વાળા

ધારી,તા.૨૬

ધારી શહેરમાં સ્વચ્છતાના બદલે ઠેર-ઠેર ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, જ્યારથી ધારીમાં નગરપાલિકાની રચના થઈ છે ત્યારથી ગંદકી અંગે અનેક ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ખાસ કરીને ધારીની હરિકૃષ્ણ નવી વસાહત વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે, જેના કારણે ગંદકી અને દુર્ગંધ ફેલાતા સ્થાનિકો અને રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે.આ ગંભીર સમસ્યા અંગે જાગૃત નાગરિકો દ્વારા વીડિયો બનાવીને પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. સત્તાધીશોની આ ઉદાસીનતાને પગલે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગંદકીના પ્રશ્નો ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા જોઈને સ્થાનિકોમાં 'ધારી ધણી-ધોરી વગરનું' હોય તેવી લાગણી પ્રબળ બની છે.

# રાજુલામાં વિશ્વ ટીબી દિવસ નિમિત્તે ૧૦૦ દર્દીઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૬

વિશ્વ ટીબી દિવસના અવસરે રાજુલા તાલુકામાં ટીબી દર્દીઓ માટે સેવાભાવી પહેલ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત તાલુકાના કુલ ૧૦૦ ટીબી દર્દીઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ચાલુ વર્ષ દરમિયાન આ બીજીવાર ૧૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સેવાકાર્યમાં મુખ્ય દાતાઓ તરીકે હેમલભાઈ વસોયા (રાજુલા નગરપાલિકા ચેરમેન) અને ડૉ. મોહિત બાલદાણિયા (અર્બન મેડિકલ ઓફિસર) સહિત કાણકિયા ટી, સાવરકુંડલા તરફથી ૧૦૦ બેગનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ ન્યુટ્રિશન કીટનો મુખ્ય હેતુ ટીબી દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવી તેમજ તેમને ઝડપી સ્વસ્થ થવામાં સહાય કરવાનો છે. કીટના વિતરણ અને વ્યવસ્થાપનની કામગીરી કિશોરભાઈ મકવાણા, ધવલભાઈ વાણિયા અને વિપુલભાઈ કલસરિયા દ્વારા સંભાળવામાં આવી હતી. આ સેવાકાર્યમાં જોડાવા ઈચ્છતા હોય તો તેમણે ૮૦૦૦૭-૫૧૯૪૯ નંબર પર સંપર્ક કરવો.

# બાબરાના વાંડળીયામાં ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસો સફળ: રૂ.૧ કરોડના ખર્ચે નવો પુલ મંજૂર



બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી વાંડળીયા ગામે પીપળીયા પ્લોટ વિસ્તારને જોડતો રૂ.૧ કરોડના ખર્ચનો નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી જનતાની વર્ષો જૂની માંગ પૂર્ણ થવા જઈ રહી છે, જેનાથી વાંડળીયા સહિત આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે. આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો, જેના લીધે વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવા પુલના નિર્માણથી બારમાસી વાહન વ્યવહાર સરળ અને સુરક્ષિત બનશે. ધારાસભ્ય જનક તળાવીયાએ આ તકે જણાવ્યું હતું કે, "ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ પુલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે." તેમણે ઉમેર્યું હતું કે આગામી સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવા માટે તેઓ કાર્યરત રહેશે.

## ઘનશ્યામ મહારાજને ફળનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો

# રાજુલાના SMVS સ્વામિનારાયણ મંદિરે શ્રી હરિ પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા



રાજુલા,તા.૨૬

રાજુલા શહેરના SMVS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અઠવાડિક સંયુક્ત સભા સાથે શ્રી હરિ પ્રાગટ્ય ઉત્સવના પ્રતીકરૂપે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનવમી અને સ્વામિનારાયણ જયંતિ નિમિત્તે મંદિર ખાતે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. કાર્યક્રમ દરમિયાન પૂજ્ય સંતો– પૂજ્ય આદર્શ સ્વામી તેમજ કિર્તન સ્વામીના માર્ગદર્શનમાં સ્વામિનારાયણ ભગવાનની ધૂન, કીર્તન અને સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિક ભક્તોએ શ્રદ્ધાભાવે ફ્રુટ અન્નકૂટ ધરાવી ભગવાનને અર્પણ કર્યું હતું. ત્યારબાદ પરિસરમાં વિશેષ જમણવારની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી, આ પ્રસાદીનો લાભ સોની પરિવાર દ્વારા યજમાન તરીકે આપવામાં આવ્યો હતો. ૨૬-૦૩-૨૦૨૬ના રોજ ઉજવાતી શ્રી હરિ પ્રાગટ્ય જયંતિને ધ્યાનમાં રાખીને મંગળવારની નિયમિત સભામાં ઘનશ્યામ મહારાજને ફળનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. અન્નકૂટ રાજુલાની વિવિધ હોસ્પિટલમાં દર્દીઓ તથા તેમના સગાઓને વિતરણ કરવામાં આવી હતી.

## યુવતીના પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી

# ચલાલા તાલુકાના હુડલી ગામની સીમમાંથી પરપ્રાંતીય યુવતી ઘરેથી ચાલી નીકળી

ચલાલા, તા.૨૬

ચલાલા તાલુકાના હુડલી ગામની સીમમાંથી પરપ્રાંતીય યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. આથી ઘરે પરત ન ફરતા પરિવારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવી હતી.

મૂળ ઉત્તરાખંડના માનસિંહ ધનસિંહ જોષી (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરા ઉર્મિલાબેન (ઉ.વ.૧૮) સવારના આશરે નવથી અગીયાર વાગ્યાના અરસામા જાહેર કરનારના હુડલી ગામની સીમમાં આવેલી વાડીએથી કોઈને કહયા વગર કયાક જતી રહી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એચ. રતન વધુ તપાસ કરી રહ્યા છે.




# રાજુલાની પેસેન્ટર શાળા નં. ૨માં વાર્ષિક ઉત્સવ અને પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો



રાજુલા,તા.૨૬

રાજુલામાં પે સેન્ટર શાળા નં. ૨ દ્વારા "સપનાઓને પાંખો અને પ્રતિભાને આકાશ" નામે ભવ્ય વાર્ષિક ઉત્સવ તથા વિશિષ્ટ પ્રતિભા સન્માન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શાળાના આચાર્ય મેહુલભાઈ જાની દ્વારા ઉપસ્થિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીમિત્રોનું ઉષ્માભર્યું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય આમંત્રિત મહેમાન તરીકે મયુરદાદા, સંજયભાઈ, રાહુલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય મેહુલભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી.




# દેવકા વિદ્યાપીઠમાં મુખ્યમંત્રીના હસ્તે છાત્રાલય-ભોજનાલયનું ૧ એપ્રિલે ઉદઘાટન થશે

અમરેલી,તા.૨૬

જાણીતા ભાગવતાચાર્ય પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની માતૃભૂમિ દેવકાની વિદ્યાપીઠમાં બે નવા સોપાન ઉમેરાઈ રહ્યા છે. ૧ /૪/ ૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજા અને આ વિસ્તારના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, લોક પ્રતિનિધિઓ, વાલીઓની ઉપસ્થિતિમાં એક હજાર દીકરીઓ માટે આધુનિક છાત્રાલય અને ભવ્ય ભોજનાલયનું ઉદઘાટન કરવામાં આવશે. આ વિસ્તારના શૈક્ષણિક વિકાસમાં દેવકા વિદ્યાપીઠનું બહુમૂલ્ય યોગદાન છે. આ ઉદઘાટનના અવસરે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.દિલીપભાઈ રામજીભાઈ ઉમરાળીયાનું દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.ધીરૂભાઈ ઠાકરશીભાઈ મકવાણા અને કેશુભાઈ ઠાકરશીભાઈ મકવાણાના બનેવી થાય છે. સદગતનું બેસણુ તા.૨૭/૦૩/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ કલાકે તેમના નિવાસસ્થાને હાથસણી રોડ, મીરાપાનની બાજુમાં - "બાબારામદેવ" સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ધોરાજી**

સ્વ.મહેશભાઈ (બટુકભાઈ) ઉમિયાશંકર વ્યાસનું તા.૨૫/૦૩/૨૦૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા.૨૭/૦૩/૨૦૨૬ને શુક્રવારના રોજ ૪થી ૬ શ્યામવાડી, કડિયા સમાજ, રેલવે સ્ટેશન ખાતે રાખેલ છે.




**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 40/2026

પ્રતિ,
ધીરૂભાઈ મધુભાઈ સોજીત્રા,
રહે.બંધારડા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
વકીલશ્રી એસ.બી.ભાલીયા, ગીરગઢડા ..........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બંધારડા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના બંધારડા ગામના રહીશ ધીરૂભાઈ મધુભાઈ સોજીત્રા તથા વિમળાબેન ધીરૂભાઈ સોજીત્રાના પુત્રી મમતાબેન ધીરૂભાઈ સોજીત્રાનો જન્મ તારીખ.01/06/1986ના રોજ ગીરગઢડા તાલુકાના બંધારડા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બંધારડા તાલુકો-ગીરગઢડા સને-1986 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**સહી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**



# સાવરકુંડલા શહેરમાં ગેસ સિલિન્ડર મેળવવા ગ્રાહકોની લાંબી લાઈન લાગી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલામાં એરોગેસ એજન્સી સામે છેલ્લા કેટલાય દિવસોથી ગેસ સિલિન્ડર માટે ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. સરકાર દ્વારા પુરવઠો પર્યાપ્ત હોવાના દાવા છતાં, બજારમાં ફેલાયેલી અફવાઓ અને વિતરણની અસ્પષ્ટતાને કારણે મહિલાઓ અને વૃધ્ધો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કમનસીબી એ છે કે આટલી મોટી સંખ્યામાં ઉમટી પડેલા ગ્રાહકો માટે એજન્સી દ્વારા પીવાના પાણી કે છાંયડાની કોઈ પ્રાથમિક સુવિધા કરવામાં આવી નથી. વળી, ભીડને કાબુમાં લેવા માટે પોલીસ બંદોબસ્તનો પણ અભાવ વર્તાઈ રહ્યો છે. સ્થાનિક નાગરિકોની માંગ છે કે પુરવઠા વિભાગ અને પોલીસ તંત્ર તાત્કાલિક જાગૃત થઈને આ ગંભીર પરિસ્થિતિમાં યોગ્ય વ્યવસ્થા ગોઠવે જેથી સામાન્ય જનતાને હાલાકીમાંથી મુક્તિ મળે.


તસવીર : સૌરભ દોશી

# બાબરામાં ભાજપ દ્વારા ચૂંટણી અને અન્ય કાર્યક્રમો અંગે મહત્વપૂર્ણ ચર્ચા યોજાઇ

બાબરા,તા.૨૬

બાબરામાં સરકીટ હાઉસ ખાતે શહેર ભાજપ અને તાલુકા ભાજપની બેઠકનું આયોજન શહેર અને તાલુકાના પ્રભારી ભાવનાબેન ગોંડલીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આવનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક મજબૂતી અને કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ અને પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, બાબરા શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, શહેર ભાજપ મહામંત્રી જગદીશ વાવડીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ તથા જિલ્લા કિસાન મોરચા પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલીયા, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ બુટાણી, સહિત શહેર અને તાલુકાના અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : દિપક કનૈયા

# કોવાયાની દ્વારકા કોલોનીમાંથી ૧૮ હજારની કિંમતનો મોબાઈલ ચોરાયો

રાજુલા, તા.૨૬

રાજુલાના કોવાયા ગામ પાસે આવેલી દ્વારકા કોલોનીમાં ધોળા દિવસે ચોરીની ઘટના સામે આવી હતી. કોલોનીના કંપાઉન્ડમાં રાખેલા ટેબલ પરથી અજાણ્યો શખ્સ આશરે ૧૮,૦૦૦ રૂપિયાની કિંમતનો કિંમતી મોબાઈલ ફોન ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના મુરૈના જિલ્લાના અને હાલ કોવાયા દ્વારકા કોલોનીમાં રહેતા સુનીલકુમાર હરિગોવિંદસિહ (ઉ.વ.૨૮) એ જાહેર કર્યા મુજબ, તારીખ ૦૪/૦૩/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ થી બપોરના ૩:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. તેમણે પોતાનો રૂ. ૧૮,૦૦૦નો મોબાઈલ ફોન કોલોનીની બહાર કંપાઉન્ડમાં એક ટેબલ પર રાખ્યો હતો. આ સમય દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ નજર ચૂકવીને મોબાઈલ લઈ રફુચક્કર થઈ ગયો હતો.

# રાજુલાની પે સેન્ટર શાળા નં. ૨ માં વાર્ષિક ઉત્સવ અને પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૬

રાજુલામાં પે સેન્ટર શાળા નં. ૨ દ્વારા ''સપનાઓને પાંખો અને પ્રતિભાને આકાશ'' નામે ભવ્ય વાર્ષિક ઉત્સવ તથા વિશિષ્ટ પ્રતિભા સન્માન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શાળાના આચાર્ય મેહુલભાઈ જાની દ્વારા ઉપસ્થિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીમિત્રોનું ઉષ્માભર્યું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય આમંત્રિત મહેમાન તરીકે મયુરદાદા, સંજયભાઈ, રાહુલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય મેહુલભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી.

નોંધનીય બાબત એ રહી કે આ વર્ષે શાળાને ૬૦ વર્ષ પૂર્ણ થયા છે. આ અવસરે સમગ્ર સ્ટાફ દ્વારા શાળાના મુખ્ય દાતા અનિલભાઈ શેઠને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યા હતા. તેમના યોગદાનથી ૬૦ વર્ષ પહેલા ઉભી થયેલી આ શાળા આજે એક વિશાળ વટવૃક્ષ સમાન વિકસિત થઈ છે.


તસવીર : ગોપાલ રાઠોડ

# મહુવામાં પતિએ પત્નીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

રાજુલા, તા.૨૬

રાજુલામાં રહેતી એક પરિણીતા પર મહુવામાં રહેતા સાસરિયાએ અમાનુષી અત્યાર ગુજાર્યો હતો. સાસરિયાના સિતમથી ત્રાહિમામ થઈને પિયર પરત ફર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અફસાનાબેન રફીકભાઈ સેલોત (ઉ.વ.૨૪)એ પતિ બાબાફરીદ મહમંદઆરીફ કાળવાતર, સાસુ રજીયાબેન મહમંદઆરીફ કાળવાતર, નણંદ નમીરાબેન જુનેદભાઇ કાળવાતર સામે ફરિયાદ નોંધાવી હતી. પતિ, સાસુ તથા નણંદે લગ્ન જીવન દરમિયાન અવાર-નવાર મેણા ટોણા મારી, ગાળો આપી હતી. તેમજ શારિરીક અને માનસીક દુ:ખ ત્રાસ આપ્યો હતો. પતિએ મારકુટ કરી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઇ શામજીભાઇ બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાની રામકૃષ્ણ સોસાયટી ઝોન-બેમા હાઉસ કનેક્શન આપવાનો પ્રારંભ

લીલીયા,તા.૨૬

લીલીયા શહેરની રામકૃષ્ણ સોસાયટી ઝોન-૨ માં સવારે ૧૦ કલાકે હાઉસ કનેક્શન આપવાની કામગીરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીના વરદ હસ્તે શ્રીફળ વધેરી કાર્યને ખુલ્લું મૂકાયું હતું.

આ તકે ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયા, સરપંચ જીવનભાઈ વોરા, મનોજ જોષી, ગ્રામ પંચાયત સદસ્ય શોકતભાઈ શિરમાંન, રૂપાભાઈ ભરવાડ તેમજ ભનુભાઈ ડાભી અને મુકેશભાઈ માતરીયા સહિતના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# લાઠી તાલુકા પેન્શનર સમાજની કારોબારી બેઠકમાં એડવોકેટ આર.સી. દવેનું સન્માન કરાયું



લાઠી,તા.૨૬

તાલુકા પેન્શનર સમાજ-લાઠીની કારોબારી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિશેષ રૂપે એડવોકેટ આર. સી. દવેનું સન્માન કરવામાં આવ્યું હતું. આર.સી. દવેની લાઠી તાલુકા વકીલ મંડળના પ્રમુખ તરીકે નિમણૂક થતા પેન્શનર સમાજના તમામ સભ્યોએ તેમને ફૂલહાર પહેરાવી તથા શાલ ઓઢાડીને ઉમળકાભેર સત્કાર્યા હતા.

# રાજુલા પોલીસે રૂ.૭૫,૮૦૦ના સાયબર ફ્રોડનો ભેદ ઉકેલ્યો : ઈન્દોરથી આરોપીને ઝડપ્યો

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ફ્રોડના એક વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલી આરોપીને મધ્ય પ્રદેશથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદી સાથે જાનવી નામની મહિલાએ સંપર્ક કરી શેરબજારમાં રોકાણની ટિપ્સ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ રોકાણમાં થયેલ નુકસાન રિકવર કરાવવાના બહાને અભિષેક શર્મા નામના વ્યક્તિએ ફરિયાદીનું ક્રિપ્ટોકરન્સી એકાઉન્ટ બનાવડાવી ઊઈ કોડ મોકલ્યો હતો. ફરિયાદી પાસેથી ગુગલ પે UPI દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ રૂ.૭૫,૮૦૦ ની રકમ પડાવી લઈ છેતરપિંડી આચરવામાં આવી હતી. સઘન તપાસના અંતે રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે આ ગુનામાં સંડોવાયેલા આરોપી અંશુમન કમલેશકુમાર તંવર (રહે. ઈન્દોર, મધ્ય પ્રદેશ) ને તેના નિવાસસ્થાનેથી ઝડપી પાડ્યો છે.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૨૭-૦૩-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૪૦,
સૂર્યાસ્ત-૦૬:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૩-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે.

વૃશ્ચિક: વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો.

## 'જય શ્રી રામ'ના ગુંજારવથી વાતાવરણ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ ગયું

# સાવરકુંડલામાં ૫૦૦૦ ભાવિકોના હનુમાન ચાલીસાના ગાન સાથે વિરાટ શોભાયાત્રા

સાવરકુંડલા, તા.૨૬

રામનવમીએ સાવરકુંડલા નગરી સાક્ષાત 'અયોધ્યા' ધામમાં પરિવર્તિત થઈ હોય તેવો ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ૧૯૭૨થી અવિરત ચાલતી પરંપરા મુજબ, આ વર્ષે પણ 'શ્રીરામ જન્મોત્સવ સમિતિ' દ્વારા આયોજિત શોભાયાત્રાએ ભવ્યતાના તમામ સીમાચિહ્નો અંકિત કર્યા હતા. શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ શ્રીરામનો રજવાડી રથ અને કલાત્મક રીતે શણગારેલા ટ્રેક્ટરોની ઝાંખીઓ રહી હતી. ઢોલ-નગારાના તાલે અને કેસરીયા ધ્વજની લહેરાતી પતાકાઓ વચ્ચે જ્યારે પ્રભુ નગરચર્યાએ નીકળ્યા, ત્યારે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ગગનભેદી શંખનાદ અને 'જય શ્રી રામ'ના ગુંજારવથી વાતાવરણ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ ગયું હતું. આ મહોત્સવની સૌથી દિવ્ય ક્ષણ ૫૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલા સામુહિક હનુમાન ચાલીસાના પાઠ હતા. એકસાથે ગુંજી ઉઠેલા મંત્રોચ્ચારે ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સમૂહગાન સાવરકુંડલાની એકતા અને અતૂટ શ્રદ્ધાનું પ્રતીક બન્યું હતું.





# ખાખબાઈમાં કાળમુખી ભેખડ ધસી પડતા કુદરતી હાજતે ગયેલા યુવકનું દબાઈ જવાથી મોત

રાજુલા, તા.૨૬

રાજુલાના ખાખબાઈ ગામે એક અત્યંત કરુણ અને કમનસીબ ઘટના સામે આવી હતી. ગામના પ્લોટ વિસ્તાર પાસે નદી તરફ જવાના રસ્તે કુદરતી હાજતે ઉભેલા એક વ્યક્તિ પર અચાનક માટીની ભેખડ ધસી પડતા દબાઈ જવાથી તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે ગૌતમભાઈ રમેશભાઈ સાંખટ (ઉ.વ.૨૧) એ જાહેર કર્યા મુજબ, રમેશભાઈ દેવદાનભાઈ સાંખટ (ઉ.વ.૪૫) ખાખબાઈ ગામના પ્લોટ વિસ્તારમાંથી નદી તરફ જવાના માર્ગ પર, સ્મશાન નજીક આવેલી એક ભેખડ નીચે બાથરૂમ કરવા માટે ઉભા રહ્યા હતા. તે જ સમયે અચાનક ઉપરથી માટીની ભેખડ ધસી પડી હતી. ભેખડ એટલી ઝડપથી પડી કે તેમને ભાગવાનો પણ સમય મળ્યો નહોતો અને તેઓ માટી નીચે દબાઈ ગયા હતા. આસપાસના લોકો દોડી આવ્યા હતા અને માટી હટાવી તેમને બહાર કાઢવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓ અને શ્વાસ રૂંધાવાને કારણે તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ઘટનાને પગલે ખાખબાઈ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં દુકાન સામે શાકભાજીની લારી હટાવવાનું કહેતા વેપારી પર છરીથી હુમલો

દામનગર, તા.૨૬

દામનગરમાં શાકભાજીની લારી આડી રાખવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. લુહાર શેરીના નાકે દુકાન ધરાવતા વેપારીએ લારી હટાવવાનું કહેતા બે શખ્સોએ ઉશ્કેરાઈને વેપારી પર છરી વડે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. બનાવ સંદર્ભે વેપારી રાજેશભાઇ મનજીભાઈ મોટાણી (ઉ.વ.૫૩) એ ) ઈરફાનભાઇ અબુભાઇ ઘાંચી તથા તેના ભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ દામનગર ટાઉનમાં આવેલી લુહાર શેરીના નાકે પોતાની દુકાને હાજર હતા. આ દરમિયાન આરોપીઓએ તેમની દુકાનની બિલકુલ સામે શાકભાજીની લારી આડી ઊભી રાખીને વેચાણ શરૂ કર્યું હતું. દુકાન નડતરરૂપ થતી હોવાથી તેમણે નમ્રતાથી લારી સાઈડમાં લેવા જણાવ્યું હતું. લારી ખસેડવાનું કહેતા જ બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને વેપારીને બિભત્સ ગાળો આપવા લાગ્યા હતા. મામલો ઉગ્ર બનતા બંને પક્ષે ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન આરોપી ઈરફાનભાઈ ઘાંચીએ પોતાની શાકભાજીની લારીમાંથી છરી કાઢી તેના પર હુમલો કરી દીધો હતો. હુમલામાં તેમનેને બંને હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી.

તંત્રી લેખ

# મહિલા સશક્તિકરણની સાર્થકતા

ભારત જેવા લોકતંત્રમાં મહિલા સશક્તિકરણ માત્ર સામાજિક કે આર્થિક ક્ષેત્ર સુધી મર્યાદિત નથી, પરંતુ તે રાજકીય પ્રતિનિધિત્વ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલું છે. મહિલાઓ દેશની કુલ વસ્તીના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે, છતાં સંસદ અને વિધાનસભાઓમાં તેમની હાજરી હજુ પણ મર્યાદિત છે. આ વિસંગતતા માત્ર સંખ્યાત્મક અસમાનતા નથી, પરંતુ નીતિ નિર્માણમાં મહિલાઓના અવાજને પૂરતું સ્થાન ન મળવાનો સંકેત પણ આપે છે. જ્યારે મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ મળે છે, ત્યારે શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા અને સામાજિક ન્યાય જેવા મુદ્દાઓ વધુ સંવેદનશીલ રીતે ઉઠાવવામાં આવે છે. મહિલા સશક્તિકરણનો અર્થ ફક્ત આરક્ષણ આપવો નહીં, પરંતુ તેમને સશક્ત બનાવવાની એક વ્યાપક પ્રક્રિયા છે, જેમાં તેઓ પોતાનું નેતૃત્વ વિકસાવી શકે અને નીતિગત નિર્ણયો પર અસરકારક રીતે પ્રભાવ પાડી શકે. ૩૩ ટકા મહિલા આરક્ષણનો વિચાર આ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે, પરંતુ તેનો સમયસર અને સરળ અમલ વધુ મહત્વનો છે. જો આ પ્રક્રિયા જટિલ શરતો સાથે જોડાય, તો તેનો મૂળ હેતુ અધૂરો રહી શકે છે. તેથી, મહિલા આરક્ષણને સરળ, પારદર્શક અને તરત અમલમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા જરૂરી બને છે. હાલના સંસદીય પરિપ્રેક્ષ્યમાં સરકારના બે મહત્વપૂર્ણ ઉદ્દેશ્યો સામે આવ્યા છે: લોકસભાની બેઠકોના પુનઃનિર્ધારણ માટે સીમાંકન પ્રક્રિયાને આગળ વધારવી અને ૨૦૨૯ સુધી મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવાનું સુનિશ્ચિત કરવું. આ બંને મુદ્દાઓ પર વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે બંધારણીય સુધારા વિના આ શક્ય નથી. પરંતુ પ્રશ્ન એ છે કે શું આ બંને પ્રક્રિયાઓને એકબીજા સાથે જોડવી યોગ્ય છે? મહિલા આરક્ષણ સંબંધિત કાયદો પસાર થયો ત્યારે તેનો અમલ આગામી વસ્તી ગણતરી અને ત્યારબાદના સીમાંકન સાથે જોડવામાં આવ્યો હતો. આ જોડાણને કારણે અમલમાં વિલંબ અને અનિશ્ચિતતા વધવાની શક્યતા છે. જો સરકાર ખરેખર મહિલા સશક્તિકરણ માટે પ્રતિબધ્ધ હોય, તો હાલની ૫૪૩ લોકસભા બેઠકો અને રાજ્ય વિધાનસભાઓમાં તરત જ આરક્ષણ અમલમાં મૂકવું વધુ વ્યવહારુ વિકલ્પ બની શકે છે. આ માટે દર ત્રીજા મતવિસ્તારમાં મહિલાઓ માટે અનામત બેઠકો ફેરવવાની પદ્ધતિ અપનાવી શકાય છે, જે અમલ માટે સરળ અને અસરકારક બની શકે છે. બીજી તરફ, સીમાંકન પ્રક્રિયા પોતે જ એક જટિલ અને સંવેદનશીલ મુદ્દો છે. ૨૦૨૭ ની વસ્તી ગણતરી પછી સીમાંકન કરવાનું આયોજન છે, પરંતુ તેમાં ઘણા રાજકીય અને પ્રાદેશિક પડકારો જોડાયેલા છે. કેટલીક રાજ્યોમાં વસ્તી વૃદ્ધિ ધીમી રહી છે, જેના કારણે તેઓ લોકસભાની બેઠકો ગુમાવી શકે છે. આવી સ્થિતિમાં, સીમાંકન અને મહિલા આરક્ષણને એકસાથે લાગુ કરવાથી આ રાજ્યો માટે દ્વિગુણ પડકાર ઊભો થઈ શકે છે. કેટલાક વર્ગોમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરવાની ચર્ચા થઈ રહી છે. જો એવું થાય, તો લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને આશરે ૮૧૬ સુધી લઈ જવાની શક્યતા છે. આથી કેટલાક રાજ્યોને લાભ મળી શકે છે અને મહિલાઓ માટે આરક્ષણ અમલમાં મૂકવું સરળ બની શકે છે. પરંતુ ૨૦૧૧ પછીના વર્ષોમાં થયેલા શહેરીકરણ અને આંતરિક સ્થળાંતરને ધ્યાનમાં લેતાં, જૂના આંકડાઓના આધારે સીમાંકન કરવું યોગ્ય નથી. તે વર્તમાન વસ્તી વિતરણને પ્રતિબિંબિત કરી શકશે નહીં. આ પરિસ્થિતિમાં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે લોકતંત્રમાં પ્રતિનિધિત્વ વાસ્તવિક અને તાજા વસ્તી આંકડાઓ પર આધારિત હોવું જોઈએ. વસ્તી ગણતરી અને સીમાંકન વચ્ચે સંતુલન જાળવવું અનિવાર્ય છે. અંતે, મહિલા આરક્ષણ અને સીમાંકન બંને મહત્વપૂર્ણ સુધારા છે.

# ખનીજ તેલના સમુદ્રી પરિવહનમાં સર્જાયેલા તણાવથી વિશ્વભરના અર્થતંત્ર પર ગંભીર અસર




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંનો એક ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ હાલ વૈશ્વિક ચર્ચાનો કેન્દ્ર બન્યો છે. આ સાંકડો જળમાર્ગ પર્સિયન ગલ્ફને ઓમાનની ખાડી અને અરબી સમુદ્ર સાથે જોડે છે અને ઊર્જા પુરવઠાની દૃષ્ટિએ તેનું વ્યૂહાત્મક મહત્વ અતિ વિશાળ છે. વિશ્વના કુલ તેલ અને ગેસ પરિવહનમાંથી લગભગ પાંચમા હિસ્સો જેટલું ઊર્જા આ માર્ગ દ્વારા પસાર થાય છે. મધ્ય પૂર્વના તેલ સમૃધ્ધ દેશો માટે આ માર્ગ મુખ્ય નિકાસ માર્ગ છે, જેના કારણે એશિયા, યુરોપ અને અન્ય પ્રદેશોમાં ઊર્જા સપ્લાય જાળવવામાં તેનો અતિમહત્વનો ફાળો છે. દરરોજ સૈંકડો તેલના ટેન્કર અને કાર્ગો જહાજો આ માર્ગમાંથી પસાર થાય છે. આ સતત વહન પ્રણાલી વૈશ્વિક અર્થતંત્રને ગતિશીલ રાખે છે. પરંતુ હાલમાં ઉભી થયેલી રાજકીય અને લશ્કરી તણાવપૂર્ણ પરિસ્થિતિએ આ મહત્વપૂર્ણ માર્ગને જોખમમાં મૂકી દીધો છે. જેના કારણે વૈશ્વિક વેપાર, ઊર્જા બજાર અને શિપિંગ ઉદ્યોગ પર સીધી અસર જોવા મળી રહી છે. મધ્ય પૂર્વમાં લાંબા સમયથી તણાવની સ્થિતિ રહેલી છે, પરંતુ તાજેતરમાં ઈરાન સાથે જોડાયેલા વિવાદો વધુ ગંભીર બન્યા છે. ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ સાથેના મતભેદો પરિસ્થિતિને વધુ જટિલ બનાવી રહ્યા છે. આ તણાવના મૂળમાં રાજકીય અસહમતિ, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને પ્રદેશમાં પ્રભાવ વધારવાનો પ્રશ્ન સામેલ છે. અમેરિકા અને ઈઝરાયલનો આરોપ છે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે ઈરાન આ આરોપોને સંપૂર્ણપણે નકારે છે. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો અભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે. પરિણામે, રાજકીય વિવાદો લશ્કરી તણાવમાં પરિવર્તિત થયા છે, જે હવે દરિયાઈ માર્ગો સુધી પહોંચ્યા છે. તાજેતરમાં ઈરાને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે કે "બિન-પ્રતિકૂળ" જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે. ઈરાનના જણાવ્યા મુજબ, તેવા જહાજો જ "બિન-પ્રતિકૂળ" ગણાશે, જે દેશ સામે કોઈપણ પ્રકારની લશ્કરી કાર્યવાહી અથવા તેનો સમર્થન કરતા નથી. ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ સાથે સંકળાયેલા જહાજોને આ છૂટ આપવામાં આવી નથી. આ નિવેદનથી શિપિંગ ઉદ્યોગમાં અનિશ્ચિતતા વધી છે. અનેક આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓ હવે આ માર્ગનો ઉપયોગ કરવા માટે સંકોચ અનુભવી રહી છે. સુરક્ષા જોખમને ધ્યાનમાં રાખીને ઘણા ટેન્કર ઓપરેટરોએ તેમના જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશ કરાવવાનું અટકાવી દીધું છે. હાલની પરિસ્થિતિમાં લગભગ ૮૦૦ જેટલા તેલ અને કાર્ગો જહાજો સ્ટ્રેટની બંને બાજુ અટવાયેલા હોવાનું અનુમાન છે. ઘણા જહાજો ફુજૈરાહ અને આસપાસના દરિયાઈ વિસ્તારોમાં ઊભા રહી પરિસ્થિતિ સુધરે તેની રાહ જોઈ રહ્યા છે. આ સ્થિતિ શિપિંગ કંપનીઓ માટે અત્યંત મુશ્કેલ બની છે. એક તરફ, જહાજોને આગળ મોકલવામાં જોખમ છે, તો બીજી તરફ અટકાવવાથી ભારે આર્થિક નુકસાન થાય છે. ઈન્શ્યોરન્સ ખર્ચમાં વધારો, વિલંબ અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપ જેવી સમસ્યાઓ વધતી જઈ રહી છે. આ સમગ્ર પરિસ્થિતિ વૈશ્વિક વેપારને ધીમું બનાવે છે. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા અવરોધનો સીધો પ્રભાવ વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહ્યો છે. ખાસ કરીને તેલ અને ગેસના પુરવઠામાં ઘટાડાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવમાં વધારો નોંધાયો છે. ઊર્જા ભાવમાં વધારો થતાં પરિવહન, ઉત્પાદન અને ઉદ્યોગોની કિંમત પણ વધી રહી છે. એશિયન દેશો માટે આ પરિસ્થિતિ વધુ ગંભીર છે, કારણ કે તેઓ ઊર્જા માટે મધ્ય પૂર્વ પર ભારે નિર્ભર છે. ભારત, ચીન અને જાપાન જેવા દેશો માટે તેલ પુરવઠામાં વિક્ષેપ આર્થિક વૃદ્ધિને અસર કરી શકે છે. આ ઉપરાંત, વૈશ્વિક સપ્લાય ચેઈનમાં વિલંબને કારણે આંતરરાષ્ટ્રીય વેપારમાં ઘટાડો પણ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર સંકટનો ઉકેલ લશ્કરી કાર્યવાહી નહીં પરંતુ રાજકીય સંવાદમાં રહેલો છે. જો યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સમજૂતી થાય, તો જ પરિસ્થિતિમાં સ્થિરતા આવી શકે છે. તાજેતરમાં અમેરિકા તરફથી ઈરાન સાથે વાતચીતના સંકેતો આપવામાં આવ્યા છે, પરંતુ ઈરાન જાહેરમાં આ દાવાઓને નકારી રહ્યું છે. તેમ છતાં, મધ્યસ્થી દ્વારા અંદરખાને ચર્ચાઓ ચાલી રહી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ઈરાનએ પણ સ્પષ્ટ કર્યું છે કે દરિયાઈ સુરક્ષા ત્યારે જ પુનઃસ્થાપિત થઈ શકે છે, જ્યારે લશ્કરી દબાણ અને ધમકીઓનો અંત આવશે. હોર્મુઝ સ્ટ્રેટમાં હાલની પરિસ્થિતિ વૈશ્વિક સ્તરે એક નાજુક સંતુલન દર્શાવે છે. એક તરફ ઈરાન પોતાની સુરક્ષા માટે કડક પગલાં લઈ રહ્યું છે, તો બીજી તરફ વૈશ્વિક ઊર્જા પુરવઠો અને વેપાર પર ગંભીર અસર પડી રહી છે. આ સંકટ માત્ર એક પ્રદેશ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર વિશ્વને અસર કરે છે. જો આ તણાવ વધુ વધશે, તો તેની અસર વૈશ્વિક અર્થતંત્ર પર લાંબા ગાળે પડી શકે છે. તેથી, વિશ્વના મોટા દેશોએ શાંતિપૂર્ણ માર્ગ અપનાવીને આ સમસ્યાનો ઉકેલ લાવવો અનિવાર્ય છે. સંવાદ અને સમજૂતી દ્વારા જ હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી સુરક્ષિત અને વિશ્વસનીય જળમાર્ગ બની શકે છે.

## શબ્દ સંજોગ-૨૧૬૯




**આડી ચાવી :**
(૧) એક પ્રાચીન નગરી (૩)
(૪) એક પક્ષી (૨)
(૬) કૃષ્ણ પક્ષ (૨)
(૭) વાંદરો, વાનર (૩)
(૯) એક મસાલો (૨)
(૧૧) દેવપુજાનું પાણી (અ-આ) (૩)
(૧૩) કબર (૩)
(૧૫) યયાતિ અને દેવયાનીનો પુત્ર (૨)
(૧૭) કાળજી, માવજત (૩)
(૧૯) ઝૂંસરાના દોરડાને સાંધવાની લાકડાની મેખ (૨)
(૨૦) ભારતનું સ્વર્ગ (૩)
(૨૨) વર્ણ, રંગ (૨)
(૨૩) મોટી નદી (૨)
(૨૫) પસ્તાવો, અફસોસ (૩)
(૨૯) રિવાજ, પ્રથા (૨)
(૩૦) કસમ, સમ (૩)
(૩૧) મળતાપણાનો અંશ (૪)
(૩૨) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)

**ઉભી ચાવી :**
(૧) એક પવિત્ર માસ (૩)
(૨) મુખ, ચહેરો (૩)
(૩) નાગની ફેણ ઉપરનું ખાસ ચિન્હ (૩)
(૫) ખુશ, સંમત (૨)
(૮) રવિવર એટલે.....નો દિવસ (૨)
(૧૦) ગુંગડાવું તે (૩)
(૧૨) દાનવનો શિલ્પી (૨)
(૧૪) ધૂળનો કણ (૨)
(૧૬) વસ્તુ વેચય તે જગ્યા (૩)
(૧૮) બિલકુલ, સાવ (૩)
(૧૯) શિવનું એક સ્વરૂપ (૩)
(૨૧) કિરણ, લગામ (૨)
(૨૨) વાસ કરવો તે (૨)
(૨૪) પાણી પડવાનો અવાજ (૪)
(૨૬) પગનો એક રોગ (૩)
(૨૭) કિનારો, છેડો (૨)
(૨૮) શરીર પર ઉપસી આવેલ ગાંઠ (૩)
(૨૯) હથિયારની તીણી કોર (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૮ જવાબ

**આડી ચાવી** : (૧) પાથેય (૩) મીમાસા (૬) પાપ (૭) વાની (૮) હજમ (૧૦) લાપસી (૧૨) નાસીપાસ (૧૪) કરા (૧૫) વાયદો (૧૭) બજર (૨૦) ગલ (૨૧) મોર (૨૨) વેપલો (૨૩) મગા (૨૪) કશ (૨૫) નરવી (૨૭) ઉમા (૨૮) નાના (૨૯) રમા (૩૦) લવાદ. **ઉભી ચાવી** : (૧) પાપા (૨) થેપલા (૩) મીની (૪) સાહસી (૫) તમસ (૭) વાસી (૯) જપા (૧૧) પડદો (૧૨) નારાજ (૧૩) અવાગમન (૧૪) કબર (૧૬) યલગાર (૧૮) રવેશ (૧૯) આલોચના (૨૧) મોલ (૨૪) કમાલ (૨૬) વીર (૨૮) નાદ.

# રિઝર્વ બેંક માટે છૂટક ફુગાવાનો લક્ષ્યાંક ૨૦૩૧ સુધી ૪ ટકા યથાવત: ભારત સરકાર

મુંબઈ,તા.૨૬

ભારત સરકારે ભારતીય રિઝર્વ બેંક (RBI) માટે આગામી પાંચ વર્ષ માટે છૂટક ફુગાવાનો લક્ષ્યાંક ૪ ટકા પર જાળવી રાખવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત, ૩૧ માર્ચ ૨૦૩૧ સુધીમાં ફુગાવાને ૪ ટકાના સ્તરે રાખવાની જવાબદારી કેન્દ્રીય બેંકને સોંપવામાં આવી છે, જેમાં ૨ ટકાની વધ-ઘટની છૂટ (એટલે કે ૨% થી ૬% ની વચ્ચે) આપવામાં આવી છે.



સરકારે સૌપ્રથમ ૨૦૧૬માં આ માળખું અપનાવ્યું હતું, ત્યારબાદ ૨૦૨૧માં તેને લંબાવવામાં આવ્યું હતું અને હવે બીજી વખત આ લક્ષ્યને યથાવત રાખવામાં આવ્યો છે. ૨૫ માર્ચના રોજ આર્થિક બાબતોના વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ગેઝેટ અનુસાર, ૧ એપ્રિલ ૨૦૨૬ થી માર્ચ ૨૦૩૧ સુધીના સમયગાળા માટે આ નિયમ લાગુ રહેશે. નાણાકીય નીતિ સમિતિ (MPC) ફુગાવાને નિયંત્રિત કરવા માટે જવાબદાર રહેશે.

છેલ્લા દાયકાના ડેટા દર્શાવે છે કે ફુગાવો મોટાભાગે નિર્ધારિત મર્યાદામાં રહ્યો છે, જોકે કોરોના મહામારી દરમિયાન થોડી અસ્થિરતા જોવા મળી હતી. તાજેતરના આંકડા મુજબ, ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા નોંધાયો છે, જે અગાઉ ૨.૭૪ ટકા હતો. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રથમ MPC બેઠક ૬ થી ૮ એપ્રિલ દરમિયાન યોજાશે, જેમાં મહત્વના નાણાકીય નિર્ણયો લેવામાં આવશે. આ સતત ત્રીજી ટર્મ માટે સમાન લક્ષ્યાંક જાળવી રાખવો એ આર્થિક સ્થિરતા માટે સરકારનો મક્કમ વિશ્વાસ દર્શાવે છે.

# રેલવે ટિકિટ રિફંડના નિયમોમાં મોટો ફેરફાર: ૮ કલાક પહેલાં ટિકિટ રદ કરાવશો તો જ પૈસા પાછા મળશે

નવી દિલ્હી,તા.૨૬

ભારતીય રેલવેએ ૧ એપ્રિલ, ૨૦૨૬થી ટિકિટ કેન્સલેશન અને રિફંડના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફારો જાહેર કર્યા છે. નવા નિયમ મુજબ, જો મુસાફર ટ્રેનના નિર્ધારિત સમયના ૮ કલાકથી ઓછા સમયમાં ટિકિટ રદ કરાવશે, તો તેને કોઈ પણ પ્રકારનું રિફંડ મળશે નહીં. અગાઉ આ સમયમર્યાદા ૪ કલાકની હતી.

રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન ઉપડવાના ૨૪ થી ૮ કલાકની વચ્ચે ટિકિટ રદ કરાવવા પર ૫૦% રિફંડ મળશે. જોકે, મુસાફરો માટે



એક રાહતના સમાચાર એ છે કે હવે ટ્રેન છૂટવાના ૩૦ મિનિટ પહેલા સુધી 'બૉર્ડિંગ સ્ટેશન' બદલી શકાશે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ટિકિટોની કાળાબજારી રોકવા માટે આ નિર્ણય લેવાયો છે, જે ૧ થી ૧૫ એપ્રિલ દરમિયાન તબક્કાવાર અમલી બનશે.

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શકકરીયા | ૨૪૦ | ૪૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૨૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૧૦ | ૩૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૩૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૩૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૩૦ | ૪૦૦ |
| ફોદીનો | ૩૫૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| ગુંદા | ૧૦૦૦ | --- |
| સરગવો | ૧૫૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૬૫૦ | ૧૧૦૦ |
| મરચાં લાલ | ૧૧૬૦ | ૧૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૩૦ | ૪૦૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |

# ભારતના GDP ગ્રોથનો અંદાજ ઘટ્યો: ૨૦૨૬માં ૭%ને બદલે ૫.૯% રહેવાની ગોલ્ડમેન સૅક્સની ધારણા

મુંબઈ,તા.૨૬

વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સે વર્ષ ૨૦૨૬ માટે ભારતના આર્થિક વિકાસ (GDP) ના અંદાજમાં મોટો ઘટાડો કર્યો છે. અગાઉના ૭% ના અંદાજને બદલે હવે ગ્રોથ રેટ ૫.૯% રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ ઈરાન સંઘર્ષને લીધે ક્રૂડ ઓઈલની વધતી કિંમતો અને સપ્લાય ચેઈનમાં સર્જાયેલો અવરોધ છે.

વિશ્લેષકોના મતે, 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' જળમાર્ગ અસુરક્ષિત બનતા તેલ ટેન્કરોની




અવરજવર અટકી છે. વિશ્વના ૨૦% પેટ્રોલિયમ અને ભારતની ૫૦% ક્રૂડ જરૂરિયાત આ જ રૂટ પર નિર્ભર છે. એપ્રિલમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત ઈ૧૧૫ પ્રતિ બેરલ સુધી પહોંચવાની આશંકા છે. મોંઘા ઈંધણને કારણે નિકાસ અને ઉત્પાદન ખર્ચ વધતા ભારતની આર્થિક ગતિ ધીમી પડી શકે છે.

# હોટલ-રેસ્ટોરન્ટ બિલમાં વધારાના 'LPG ચાર્જ' લઈ શકશે નહીં: સરકારની કડક ચેતવણી

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે હોટલ અને રેસ્ટોરન્ટ હવે ગ્રાહકો પાસેથી 'LPG ચાર્જ' અથવા 'ફ્યુઅલ કોસ્ટ રિકવરી' જેવા વધારાના કોઈ પણ ચાર્જ વસૂલી શકશે નહીં. તાજેતરમાં કેટલાક કિસ્સાઓમાં ગેસ સંકટનો હવાલો આપી ૫% 'ગેસ-ક્રાઈસિસ ચાર્જ' વસૂલવાના મામલા સામે આવતા સરકારે આ કડક વલણ અપનાવ્યું છે.




સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) એ તેના આદેશમાં જણાવ્યું છે કે રેસ્ટોરન્ટે તમામ ઈનપુટ કોસ્ટ (કાચો માલ અને ઈંધણનો ખર્ચ) મેનૂમાં આપેલી કિંમતોમાં જ સામેલ કરવા પડશે. ગ્રાહક માત્ર મેનૂમાં લખેલી કિંમત અને તેના પર લાગુ પડતા સરકારી ટેક્સ ચૂકવવા માટે જ જવાબદાર છે. જો કોઈ રેસ્ટોરન્ટ અલગથી ચાર્જ ઉમેરે છે, તો તેને નિયમોનું ઉલ્લંઘન ગણી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકોના હિતોના રક્ષણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**શહેરમાં ભવ્ય શોભાયાત્રા, મોટી સંખ્યામાં લોકો જોડાયા**

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમીની ભવ્ય ઉજવણી






અમરેલી,તા.૨૬

અમરેલી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ગૌરક્ષા ટીમ માતૃશક્તિ દુર્ગાવાહિની વગેરે હિન્દુ સંસ્થાઓ દ્વારા ભગવાન શ્રીરામના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી સિનિયર સિટીઝન પાર્ક ખાતેથી ભગવાન શ્રીરામની શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા જુદા જુદા ભવ્ય ફલોટસ્ તૈયાર કરવામાં આવ્યા હતા જે શોભાયાત્રાનું આકર્ષણ બન્યા હતા. ત્યારબાદ હરિરામ બાપા સર્કલ, નાગનાથ મહાદેવ મંદિર, જિલ્લા પંચાયત રોડ, રાજકમલ ચોક,ટાવરચોક,લાઈબ્રેરી ચોક થી રામજી મંદિર ખાતે શોભાયાત્રા પૂર્ણ થઈ હતી સાંજે ૭:૩૦ કલાકે ભગવાન શ્રીરામની ભવ્ય અને દિવ્ય આરતી રામજી મંદિર ખાતે કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં સનાતની લોકો જોડાયા હતા. શહેરના મુખ્ય માર્ગો પર ઠેર ઠેર શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સ્વેચ્છિક સંસ્થાઓ દ્વારા ઠંડા પીણાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, ઈતેશભાઈ મહેતા, પ્રકાશભાઈ શુક્લા, યુવરાજસિંહ પલવાર, ભાવેશભાઈ કાબરીયા, પંકજભાઈ કાનાણી હંસાબેન મકાણી, રમીલાબેન પટોળિયા, ત્રિવેદી પંકજભાઈ ત્રિવેદી વિદુરભાઈ, ડાબસરા કરણભાઈ વાજા, રવિભાઈ પંડ્યા મહેશભાઈ જડુ, મહાવીરભાઈ વિછીયા, પ્રશાંતભાઈ ચુડાસમા, ભોજરાજભાઈ વાળા અશ્વિનભાઈ વાઢેર, ગોપીબેન ચાવડા, આરતીબેન ચોવટીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

# કોડીનાર-રાજકોટ ગુર્જર નગરી બસને લીલીઝંડી આપી લોકાર્પણ

કોડીનાર, તા.૨૬



પ્રજાને વધુ સુવિધા અને સરળ પરિવહન સુલભ બને તે હેતુથી કોડીનાર એસટી ડેપો ખાતે નવી કોડીનાર—તાલાળા—રાજકોટ "ગુર્જર નગરી" બસ સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, ભગુભાઈ પરમાર, દિલીપભાઈ મોરી, જીતુભાઈ બારડ તેમજ તાલુકા ભાજપ પ્રમુખ સહિત ભારતીય જનતા પાર્ટીના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ વિભાગીય નિયામકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ તકે કોડીનાર ડેપોના ડેપો મેનેજર હસમુખભાઈ ગોંડલીયા, એ.ટી.આઈ. કરસનભાઈ મોરી, અજીતભાઈ બારડ સહિત ડેપોના સ્ટાફ અને તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર-અમરેલી વાયા જામવાળા બસ સેવા ફરી શરૂ કરવામાં અધિકારીઓનું ઠંડું વલણ

કોડીનાર, તા.૨૬



કોડીનાર ડેપોની કોડીનાર અમરેલી વાયા જામવાળા દલખાણીયા રૂટની એકમાત્ર અને આ પંથકની ખૂબ જ ઉપયોગી બસ સેવા ચોમાસામાં ખરાબ રસ્તાના કારણે બંધ કર્યા બાદ દિવાળી બાદ ફરીથી શરૂ કરવા જામવાળા ઘાંટવડ પંથકની ખૂબ જ માંગ હોવા ઉપરાંત સ્થાનિક અગ્રણીઓ દ્વારા વિભાગીય કચેરી અમરેલીને અનેકવાર લેખિત અને ટેલીફોનીક રજૂઆત કરવા છતાં આ બસ સેવા ફરીથી શરૂ કરાઈ નથી. ઘાંટવડના જાગૃત પત્રકાર દ્વારા અમરેલી એસટી વિભાગના વિભાગીય અધિકારીને ફોન કરતા આ અધિકારી દ્વારા 'જોવરાવી લઉં છુ' તથા કોડીનાર ડેપોને આદેશ કરી દીધો છે તેવો જવાબ આપવામાં આવે છે ત્યારે કોડીનાર એસ.ટી સતાવાળાઓ તેમના ઊપરી અધિકારીના આદેશને પણ ઘોળીને પી જાય છે. શબ્બીરભાઈ દ્વારા કોડીનાર એસ.ટી અધિકારીઓનો સંપર્ક કરતાં તેઓ જામવાળા વચ્ચે રસ્તો બંધ છે તેઓ ઊડાઊ જવાબ આપે છે જ્યારે બીજી તરફ કોડીનાર ડેપોની જ બપોરની બસ જામવાળાનો ફેરો પણ કરે છે. જે સ્પષ્ટ બતાવે છે કે કોડીનાર ડેપોના સ્ટાફને આ બસ ચલાવવી નથી.

# રામનવમીના પવિત્ર પર્વે જસદણ-આટકોટ વાળંદ સમાજનું નવું સંગઠન જાહેર

જસદણ,તા.૨૬



રામનવમીના દિને જસદણ અને આટકોટના સમસ્ત વાળંદ સમાજ દ્વારા એક મહત્વપૂર્ણ સંમેલન યોજાયું હતું. આ નિમિત્તે સમાજની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી, જેમાં અનુભવીઓના માર્ગદર્શન હેઠળ ઉત્સાહી યુવાનોના હાથમાં સમાજની આગેવાની સોંપવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો હતો. જેમાં પ્રમુખ તરીકે ધાર્મિકભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ-ગોકુલભાઈ ચૌહાણ, મહામંત્રી-વિજયભાઇ મજીઠીયા, મંત્રી-કેતનભાઈ વિસાણી, ખજાનચી-રાજુભાઈ ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ નિમણૂકનો મુખ્ય હેતુ સમાજમાં નવી ઊર્જાનો સંચાર કરવાનો અને સામાજિક કાર્યોને વેગ આપવાનો છે.

# ગોંડલ SRP કેમ્પ પાસે ચાલુ કારમાં ભીષણ આગ: બે યુવાનોનો આબાદ બચાવ, મોટી હોનારત ટળી

ગોંડલ, તા.૨૫



ગોંડલના એસ.આર.પી. (SRP) કેમ્પ નજીક આવેલી તાલુકા ગોપાલક માલધારી ખેતી સહકારી મંડળી પાસે એક ચાલુ કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, પરંતુ સમયસૂચકતાને કારણે મોટી હોનારત ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, કાર ચાલક ચિરાગભાઈ દલપતભાઈ ચૌહાણ અને તેમની સાથે કૌશિકભાઈ વિશાવળીયા સવારે શાપરથી કોટડાસાંગાણી લાયસન્સની પરીક્ષા આપવા માટે નીકળ્યા હતા. ત્યાં કામ પતાવી તેઓ ગોંડલ ખાતે પોતાના મિત્રની નવી દુકાનના ઉદઘાટન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. આ દરમિયાન ગોંડલ SRP કેમ્પ પાસે પહોંચતા જ કારમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. કાર સવારો કંઈ સમજે તે પહેલા જ આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર બંને યુવાનો સમયસર સુરક્ષિત રીતે બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા.

# ધોરાજીમાં 'જય શ્રી રામ'ના નાદ સાથે ભવ્ય શોભાયાત્રા: મુસ્લિમ સમાજે પુષ્પવર્ષા કરી કોમી એકતાના દર્શન કરાવ્યા

ધોરાજી,તા.૨૬



ધોરાજીમાં આજે રામનવમીના પવિત્ર પર્વની અત્યંત ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સ્ટેશન રોડ અને રામ મંદિર ખાતે સવારે ધાર્મિક પૂજા-અર્ચના અને મહાઆરતી બાદ વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. આ શોભાયાત્રામાં ધોરાજી શહેર અને આસપાસના પંથકમાંથી ધર્મપ્રેમી જનતા, રાજકીય આગેવાનો, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ સાધુ-સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ આકર્ષક ફ્લોટ્સ અને "જય શ્રી રામ" ના ગગનભેદી નાદ સાથે નીકળેલી આ યાત્રાને નિહાળવા માટે શહેરના માર્ગો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

# ઉનાના નવાબંદર દરિયાકાંઠે ૪ થી વધુ બોટમાં ભીષણ આગ

ઉના, તા.૨૬



ઉના તાલુકાના નવાબંદર દરિયાકાંઠે આજે બપોરના સમયે ચારથી વધુ નાની બોટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સ્થાનિક લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આકાશમાં દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. રામનવમીના તહેવાર નિમિત્તે યોજાયેલી શોભાયાત્રા પૂર્ણ થયા બાદ આ આગની ઘટના બની હતી. આગની ગંભીરતાને જોઈને મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

આ બનાવની જાણ થતાં જ ઉના નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ સાથે જ પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ જિલ્લાના ચાંદલીમાં પાણીના જતન માટે ગ્રામ સભા યોજાઈ

રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લાનું લોધિકા તાલુકાના ચાંદલી ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ હતું. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવેલ કે, ગામના લોકોને ચેકડેમ દ્વારા વરસાદી પાણી કેવી રીતે બચાવવું તે સમજાવ્યું. તેમણે વરસાદી પાણીનું મહત્વ, તેનો સંગ્રહ અને જમીનના સ્તરને ઊંચા લાવવા માટે ચેકડેમ કેવી રીતે અસરકારક છે, તે અંગે ગામ લોકોને માર્ગદર્શન આપ્યું હતું. ચેકડેમથી જળસ્તર ઉંચું આવશે, વરસાદી જળનો સંગ્રહ કરવાથી જમીનના અંદરના પાણીનું સ્તર વધશે, ખેતી માટે સતત પાણી ઉપલબ્ધ રહેશે, ખેતી ખર્ચ ઘટશે અને ખેડૂતો એક કરતા વધુ સિઝનમાં ખેતી કરી શકશે.

# કોડીનાર ખાતે લાડી લોહાણા સમાજ દ્વારા ચેટીચાંદની ઉજવણી કરાઈ

કોડીનાર,તા.૨૬


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર લાડી લોહાણા સમાજ દ્વારા ઈષ્ટદેવ ઝુલેલાલના જન્મોત્સવ 'ચેટીચાંદ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. દિવસની શરૂઆત મંદિર ખાતે ધ્વજારોહણ, ભજન-કીર્તન અને પારંપરિક સિંધી છેજ (દાંડિયા) દ્વારા થઈ હતી,

જેમાં સમાજની સાંસ્કૃતિક ધરોહર જોવા મળી હતી. બપોરે ભંડારામાં સૌએ પ્રસાદ લીધા બાદ સાંજે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જે સિંધી સોસાયટીથી મૂળદ્વારકા સુધી પહોંચી હતી. ત્યાં દરિયામાં જ્યોત પ્રવાહિત કરી ઈષ્ટદેવની આરાધના કરવામાં આવી હતી.

# ધોરાજીના વોર્ડ નંબર ૯ માં વિપક્ષના નગરસેવકે કરાવી સફાઈ: શાસક પક્ષના સભ્યોની નિષ્ક્રિયતા સામે લોકરોષ

ધોરાજી,તા.૨૬



ધોરાજીના વોર્ડ નંબર નવમાં આવેલા હીરપરા વાડીના બાલાજી મંદિર વિસ્તારમાં સફાઈના મુદ્દે ભારે ચર્ચાઓ જાગી છે. આ વિસ્તારમાં આવેલા સાર્વજનિક મેદાન અને જાહેર માર્ગો પર લાંબા સમયથી કચરો અને ગંદકી જમા થયેલ હોવા છતાં સ્થાનિક શાસક પક્ષના ચૂંટાયેલા સભ્યો દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નહોતી. સ્થાનિક રહીશ અને અગ્રણી એડવોકેટ સી. એસ. પટેલના જણાવ્યા અનુસાર, બાલાજી ગરબી ગ્રાઉન્ડ અને આસપાસના વિસ્તારમાં ગંદકી મામલે અનેક વખત રજૂઆતો કરવા છતાં પરિણામ ન મળતા અંતે વોર્ડ નંબર છ ના વિપક્ષી નગરસેવક યુસુબ નવીવાલાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. લોકોની રજૂઆતને પગલે નગરસેવક યુસુબ નવીવાલાએ પોતે જાતે હાજર રહી નગર પાલિકાની સફાઈ મશીનરી જેવી કે જેસીબી અને ટ્રેક્ટર તેમજ સફાઈ કામદારોને સાથે રાખી મેદાનમાંથી કચરો અને ગંદકી હટાવી હતી. ઉલ્લેખનીય છે કે ધોરાજી નગરપાલિકામાં હાલ ભાજપનું શાસન છે અને વોર્ડ નંબર નવમાં તમામ ચૂંટાયેલા સભ્યો શાસક પક્ષના છે, તેમ છતાં અન્ય વોર્ડના નગરસેવકે આવીને લાંબા સમયથી એકત્રિત કચરો સાફ કરાવતા આ બાબત વોર્ડ નંબર નવમાં ચર્ચાનો વિષય બની છે.

# અમરેલી રામજી મંદિરે પરિવર્તન ટ્રસ્ટ અને કોંગ્રેસ પરિવાર દ્વારા મહા આરતી યોજાઈ




અમરેલી,તા.૨૬

ભગવાન શ્રી રામના જન્મોત્સવ નિમિત્તે અમરેલી ખાતે આવેલા રામજી મંદિર ખાતે અમરેલી કોંગ્રેસ પરિવાર અને પરિવર્તન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં અમરેલી શહેરના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મહા આરતીમાં પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી , શરદભાઈ ધાનાણી, સંદિપભાઈ પંડયા, જગદીશ પાનસુરીયા સહિત કોંગ્રેસી આગેવાનોએ મહાપ્રસાદનું વિતરણ કર્યું હતું

# હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યા બાદ ત્રણ ભારતીય તેલ ટેન્કર ૨૮-૨૯ માર્ચે મુન્દ્રા બંદરે પહોંચશે

નવીદિલ્હી,તા.૨૬



નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ભારતના ઊર્જા પુરવઠા માટે મહત્વપૂર્ણ રાહતના સમાચાર સામે આવ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ પાર કરીને ત્રણ મોટા ભારતીય ધ્વજવાળા ક્રૂડ ઓઈલ ટેન્કર ગુજરાતના મુંદ્ર પોર્ટ તરફ આગળ વધી રહ્યા છે. ''હમ્બલ વૉરિયર'' ૨૮ માર્ચે, જ્યારે એમટી ઓડેસા અને એમટી ફોસિલ ૨૯ માર્ચ સુધીમાં પહોંચવાની શક્યતા છે. આ સાથે 'જગ વસંત' અને 'પાઈન ગેસ' જેવા એલપીજી ટેન્કરોની સ્થિતિ અંગે ટૂંક સમયમાં સ્પષ્ટતા થશે. આ જહાજો દેશમાં એક દિવસ જેટલો રસોઈ ગેસ પુરવઠો લાવે છે. હોર્મુઝ સ્ટ્રેટ હાલ અત્યંત સંવેદનશીલ ક્ષેત્ર બન્યું છે, જ્યાં મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમો નોંધાયા છે. આવા સંજોગોમાં ભારતીય જહાજો સુરક્ષિત રીતે આગળ વધી રહ્યા છે. શિપિંગ મંત્રાલય અને પોર્ટ સત્તાધિકારીઓ દ્વારા જહાજોની ગતિવિધિ પર સતત નજર રાખવામાં આવી રહી છે, જેથી ઊર્જા પુરવઠો ખોરવાઈ ન જાય તે માટે ૮૦,૮૮૬ ટન ક્રૂડ ઓઈલ લઈને ભારતીય ધ્વજવાળું તેલ ટેંકર જગ લડકી ૧૮ માર્ચે મુદ્રા બંદર પર પહોંચ્યું હતું.

# ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષથી ૩૨ પાઠ્યપુસ્તકોમાં મોટો ફેરફાર, ટેકનોલોજી અને વિજ્ઞાન પર ભાર

ગાંધીનગર,તા.૨૬




ગાંધીનગરમાં રાજ્યના શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ગુજરાતની પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૩૨ પાઠ્યપુસ્તકોમાં વ્યાપક ફેરફાર અમલમાં આવશે. નવા અભ્યાસક્રમમાં ભાષા, ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓમાં આધુનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે. ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ના કોમ્પ્યુટર વિષયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, પ્રોગ્રામિંગ અને ડિજિટલ ટેકનોલોજી જેવા આધુનિક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાથમિક સ્તરે ધોરણ ૨ માટે 'વાચનમાળા', ધોરણ ૩ માટે 'ગણિત મેળો' અને 'આપણી અદ્ભૂત દુનિયા', તેમજ ધોરણ ૬ માટે 'ગણિત પ્રકાશ' અને 'કુતૂહલ' જેવા નવા પુસ્તકો રજૂ થયા છે. નૈતિક શિક્ષણમાં પણ સુધારા હેઠળ ધોરણ ૭-૮માં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના મૂલ્યોનો સમાવેશ કરાયો છે. શિક્ષણ વિભાગ મુજબ, નવા પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓમાં ક્રિટિકલ થિંકિંગ, સર્જનાત્મકતા અને વ્યવહારિક જ્ઞાન વિકસાવવાના ઉદ્દેશ સાથે તૈયાર કરવામાં આવ્યા છે.

# પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી ૭.૬ મિલિયન નામ દૂર, ચૂંટણી પ્રક્રિયા પર ઉઠ્યા પ્રશ્નો

કોલકતા,તા.૨૬

કોલકાતામાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન મોટા પ્રમાણમાં નામો દૂર થતાં પશ્ચિમ બંગાળની રાજકીય પરિસ્થિતિમાં ચકચાર મચી છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં આશરે ૭.૬ મિલિયન મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તાજેતરમાં ચકાસાયેલા ૩.૨ મિલિયન કેસોમાંથી લગભગ ૪૦ ટકા નામો કાઢી નાખવામાં આવ્યા છે. આ કાર્યવાહી મુખ્યત્વે મૃત્યુ, સ્થાનાંતરણ અને ડુપ્લિકેશન જેવા કારણોસર કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. આ સુધારણા પછી રાજ્યમાં પાત્ર મતદારોની સંખ્યા ઘટીને લગભગ ૭.૦૮ કરોડ થઈ ગઈ છે. ઈલેકશન કમિશ્નર દ્વારા પ્રથમ પૂરક યાદી જાહેર કરવામાં આવી છે, જ્યારે હજુ લાખો કેસોની ચકાસણી બાકી છે. કુલ ૭૦૫ ન્યાયિક અધિકારીઓ આ પ્રક્રિયામાં જોડાયેલા છે.

# મણિપુરમાં ફરી તણાવ : કુકી આતંકવાદીઓનો સેના પર હુમલો

ઈમ્ફાલ, તા. ૨૬



મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાં બુધવારે મોડી રાત્રે સુરક્ષા દળો અને કુકી આતંકવાદીઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ, આ એન્કાઉન્ટર લગભગ ૩૦ મિનિટ સુધી ચાલ્યું હતું. રાત્રે લગભગ ૧૧:૪૦ વાગ્યે ફૌલજાંગ/ગોટોલ વિસ્તાર તરફથી શંકાસ્પદ સશસ્ત્ર આતંકવાદીઓએ ફૌગકચાઓ અવંગ લીકાઈ ખાતે આવેલી ભારતીય સેનાની ચોકી પર ગોળીબાર કર્યો હતો. આ હુમલા બાદ તાત્કાલિક પ્રતિસાદ આપતાં સીઆરપીએફની ૫૮મી બટાલિયન તેમજ સેનાએ જવાબી કાર્યવાહી હાથ ધરી હતી, જેના પરિણામે વિસ્તારમાં ભારે ગોળીબાર થયો હતો. ઘટનાના તરત બાદ સેના, સીઆરપીએફ, રાજ્ય પોલીસ અને ભારતીય રિઝર્વ બટાલિયન દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સર્ચ ઓપરેશન ગોળીબાર થયેલા વિસ્તાર ઉપરાંત આસપાસના પહાડી વિસ્તારોમાં પણ વ્યાપક રીતે ચાલી રહ્યું છે. સુરક્ષા દળો પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને શાંતિ જાળવવા માટે સતર્ક છે.

# ઈરાને F-૧૮ વિમાન પાડી નાખવાના દાવાને અમેરિકાએ ફગાવ્યો

વોશિંગ્ટન,તા.૨૬

વોશિંગ્ટનમાં ઈરાનએ અમેરિકાના F-૧૮ ફાઈટર જેટને તોડી પાડવાનો દાવો કર્યો છે, જ્યાર યુનાઈટેડ સ્ટેટએ આ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે આ મુદ્દે બંને દેશો વચ્ચે વિવાદ વધુ ઘેરો બન્યો છે. ઈરાનના રાજ્ય મીડિયા દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં એક ફાઈટર જેટને નિશાન બનાવવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે હુમલાનું ચોક્કસ સ્થાન કે નુકસાન અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. બીજી તરફ US સેન્ટ્રલ કમાંડે એ જણાવ્યું કે ઈરાનનો દાવો સંપૂર્ણપણે ખોટો છે અને કોઈ પણ અમેરિકન વિમાનને નુકસાન થયું નથી. આ અગાઉ પણ ઈરાને આવા દાવા કર્યા હતા, જેને અમેરિકા દ્વારા ખોટા ગણાવવામાં આવ્યા છે. હાલ પરિસ્થિતિને લઈને બંને દેશો વચ્ચે તણાવ યથાવત્ છે.

# મધ્ય પ્રદેશમાં બસ અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત: ૯ના મોત અને ૩૦થી વધુ ઘાયલ

છિંદવાડા, તા. ૨૬



મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. મુખ્યમંત્રી ડો. મોહન યાદવના સૌંસર ખાતેના 'હિતગ્રાહી સંમેલન' કાર્યક્રમમાંથી પરત ફરી રહેલી એક બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર બાદ બસ પલટી જતાં બંને વાહનોના ડ્રાઈવર સહિત કુલ ૯ લોકોના કરૂણ મોત નિપજ્યા છે.

ગુરુવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે ઉમરાનાલા વિસ્તારમાં સર્જાયેલા આ અકસ્માતમાં ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે એક મુસાફરનો હાથ કપાઈને અલગ થઈ ગયો હતો અને અનેકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસ અને તબીબોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રાહત કાર્ય શરૂ કર્યું હતું. તમામ ઘાયલોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોને સહાયની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# સોનિયા ગાંધીના સ્વાસ્થ્યને લઈને રાહુલ ગાંધી ચિંતિત, આખી રાત હોસ્પિટલમાં રહ્યા

નવીદિલ્હી,તા.૨૬



નવી દિલ્હીમાં સોનિયા ગાંધીને પેટ અને યુરિન ઈન્ફેક્શનના કારણે સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા બે દિવસથી તેઓ સારવાર હેઠળ છે અને હાલ તેમની સ્થિતિ સ્થિર હોવાનું હોસ્પિટલ તંત્રએ જણાવ્યું છે. આ દરમિયાન રાહુલ ગાંધી પોતાની માતાની સંભાળ માટે હોસ્પિટલમાં જ રહ્યા હતા. તેમણે જણાવ્યું કે તેઓ આખી રાત રૂમમાં એક નાના સોફા પર સૂતા રહ્યા અને માતાના સ્વાસ્થ્ય અંગે ખૂબ ચિંતિત હતા. તેમણે એક વીડિયો દ્વારા કેરળની નર્સોની સેવા ભાવનાની પ્રશંસા કરી અને કહ્યું કે તેમની કાળજીથી તેમને માનસિક શાંતિ મળી. સોનિયા ગાંધીની તબિયતને કારણે રાહુલ ગાંધી સર્વપક્ષીય બેઠકમાં હાજર રહી શક્યા નહોતા અને તેમની કેરળ મુલાકાત પણ રદ કરાઈ હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમની જગ્યાએ જવાબદારી સંભાળી હતી. હોસ્પિટલના ચેરમેન ડૉ. અજય સ્વરૂપે જણાવ્યું કે હાલ કોઈ ગંભીર પરિસ્થિતિ નથી અને સારવાર ચાલુ છે.

# પટણાના દુર્ગા પૂજા મેળામાં ૩ વર્ષની બાળકી પર દુષ્કર્મ

પટણા,તા.૨૬



પટણા જિલ્લાના બારહ સબડિવિઝનમાં ચૈત્ર દુર્ગા પૂજા મેળા દરમિયાન ૩ વર્ષની બાળકી પર થયેલા જઘન્ય અત્યાચારના બનાવે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો છે. ભીડનો લાભ લઈ અજાણ્યા આરોપીએ બાળકી પર અત્યાચાર કર્યો હોવાનો આક્ષેપ છે. પરિવારથી વિખૂટા પડ્યા બાદ બાળકી મંદિર પાછળ ગંભીર હાલતમાં મળી આવી હતી. પરિવારજનોએ તરત જ બાળકી ને નજીકની હોસ્પિટલમાં ખસેડી, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે પટણા રેફર કરવામાં આવી છે. હાલ તેની સ્થિતિ નાજુક હોવાની માહિતી મળી રહી છે. પોલીસે કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ફોરેન્સિક ટીમની મદદથી પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આરોપીની ઓળખ અને ધરપકડ માટે વિશેષ ટીમો કામે લગાડવામાં આવી છે.

# લખનૌનાં ગાઝીપુરમાં ૧,૭૮૪ કુંવારાઓ સમૂહ લગ્ન માટે રાહમાં

લખનૌ,તા.૨૬

લખનૌમાં ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લામાં ૧,૭૮૪ કુંવારા યુગલોએ સરકારને તેમના લગ્ન ગોઠવવા માટે અપીલ કરી છે. આ તમામ યુગલોએ મુખ્યમંત્રી સમૂહ લગ્ન યોજના હેઠળ ઓનલાઈન અરજી કરી હતી, પરંતુ મહિનાઓ વીતી ગયા છતાં કોઈ નક્કર પ્રતિસાદ મળ્યો નથી. આ યોજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે સહાયરૂપ છે, જેમાં લગ્ન માટે અગાઉ રૂ.૫૧,૦૦૦ અને હવે રૂ.૧ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. યોજનામાં જાતિ અથવા ધર્મનો કોઈ ભેદભાવ નથી. જિલ્લામાં ૨૦૧૭થી અત્યાર સુધીમાં હજારો લગ્ન યોજાઈ ચૂક્યા છે, છતાં હાલ મોટી સંખ્યામાં અરજીઓ પેન્ડિંગ છે. નાણાકીય વર્ષ પૂર્ણ થતાં હાલ નવી પ્રક્રિયા અટકી છે.

# પાકિસ્તાનની ભૂમિકા મુદ્દે જયરામ રમેશના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

નવીદિલ્હી,તા.૨૬



નવી દિલ્હીમાં જયરામ રમેશએ કેન્દ્ર સરકારની વિદેશ નીતિ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે પશ્ચિમ એશિયા સંઘર્ષમાં પાકિસ્તાનને મધ્યસ્થી તરીકે જોવું ભારત માટે શરમજનક અને ચિંતાજનક છે. તેમણે આ પરિસ્થિતિને ભારતની રાજદ્વારીની નિષ્ફળતા ગણાવી. રમેશે એસ. જયશંકર પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે સરકાર આ હકીકત છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે પાકિસ્તાનના ભૂતકાળનો ઉલ્લેખ કરીને કહ્યું કે તે લાંબા સમયથી આતંકવાદને પ્રોત્સાહન આપતો દેશ રહ્યો છે. તેમણે નરેન્દ્ર મોદીની વિદેશ નીતિની તુલના મનમોહન સિંહ સાથે કરી અને દાવો કર્યો કે અગાઉ ભારતે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ પાડ્યું હતું, જ્યારે હાલ તેની અસર ઘટી છે. સર્વપક્ષીય બેઠક બાદ આપેલા નિવેદનમાં તેમણે સરકારની નીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમાશે : શેડ્યૂલ જાહેર

નવીદિલ્હી,તા.૨૬



નવી દિલ્હીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાનારી પાંચ ટેસ્ટ મેચોની બોર્ડર ગાવસ્કર ટ્રોફી માટેનું સમયપત્રક જાહેર થયું છે. આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો મહત્વપૂર્ણ ભાગ હોવાથી બંને ટીમો માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાઈ રહી છે. શ્રેણીની શરૂઆત ૨૧ જાન્યુઆરીથી નાગપુરમાં થશે, જ્યારે બીજી ટેસ્ટ ૨૯ જાન્યુઆરીથી ચેન્નાઈમાં રમાશે. ત્રીજી મેચ ૧૧ ફેબ્રુઆરીથી ગુવાહાટીમાં, ચોથી ૧૯ ફેબ્રુઆરીથી રાંચીમાં યોજાશે. શ્રેણીની અંતિમ ટેસ્ટ ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

આ શ્રેણી ભારત માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે, કારણ કે તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં સ્થાન નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ પહેલાં ભારતીય ટીમ અન્ય આંતરરાષ્ટ્રીય શ્રેણીઓમાં પણ ભાગ લેશે, જેના પરિણામો પણ કુલ રેન્કિંગ પર અસર કરશે. વેસ્ટ ઈન્ડીઝ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામે ઘરઆંગણે શ્રેણીનું શેડ્યૂલ જાહેર કર્યું છે.

# બાંગ્લાદેશમાં બસ પદમા નદીમાં ખાબકી, ૨૩ના મોત : લાપતાને શોધવાની કામગીરી શરૂ

રાજબારી,તા.૨૬



રાજબારીમાં બાંગ્લાદેશના પદમા નદી વિસ્તારમાં મુસાફરોથી ભરેલી બસ પાણીમાં ખાબકતા ઓછામાં ઓછા ૨૩ લોકોના મોત થયા છે, જ્યારે અનેક ઘાયલ અને કેટલાક હજુ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના બુધવારે સાંજે દૌલતડિયા ફેરી ટર્મિનલ પાસે બની હતી, જ્યાં બસ ફેરીમાં ચઢતી વખતે નિયંત્રણ ગુમાવી નદીમાં પડી ગઈ.

બસમાં અંદાજે ૪૦ થી ૫૦ મુસાફરો સવાર હતા. સ્થાનિક પોલીસ અધિકારીઓ મુજબ, અત્યાર સુધી ૨૩ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે બચાવ ટીમો દ્વારા લાપતા લોકોને શોધવાનો પ્રયાસ ચાલુ છે. ફાયર સર્વિસ, નેવી અને પોલીસની સંયુક્ત ટીમો ઘટનાસ્થળે કામગીરી કરી રહી છે.

અંધારાને કારણે રાત્રે બચાવ કામગીરી રોકવી પડી હતી, પરંતુ સવારે ફરી શરૂ કરવામાં આવી. ક્રેનની મદદથી ડૂબેલી બસને બહાર કાઢવામાં આવી છે. આ ઘટનાથી વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે, અને મૃતકોના પરિવારજનોમાં આક્રંદ મચ્યો છે. રાહત ટીમો ઘટનાસ્થળે સક્રિય છે અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે.

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર સંપન્ન: નવ સુધારા વિધેયકો પસાર

ગાંધીનગર,તા.૨૬



ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર અનેક મહત્વપૂર્ણ આર્થિક અને કાયદાકીય નિર્ણયો સાથે પૂર્ણ થયું છે. સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ સત્રની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સત્ર રાજ્યના વિકાસ અને નાગરિકોની સુખાકારી માટે ઐતિહાસિક સાબિત થયું છે.

કુલ ૨૩ દિવસ સુધી ચાલેલા આ સત્રમાં ૨૬ બેઠકો યોજાઈ હતી. જેમાં રાજ્યના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખીને ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી.નાણાંમંત્રી દ્વારા રજૂ કરાયેલા ઐતિહાસિક બજેટને ગૃહે મંજૂરી આપી છે. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કુલ ૨૭૩ તારાંકિત પ્રશ્નો પર ચર્ચા થઈ હતી, જે વહીવટી પારદર્શિતા દર્શાવે છે.આ સત્રમાં કુલ ૯ જેટલા સુધારા વિધેયકો પસાર કરવામાં આવ્યા છે. જેમાં સમાન નાગરિક સંહિતા (UCC) તરફનું કદમ અને અશાંત ધારામાં કરાયેલા સુધારા અતિ મહત્વના છે. જીતુ વાઘાણીએ ઉમેર્યું કે, આ કાયદાઓથી રાજ્યમાં શાંતિ અને સમરસતા વધુ મજબૂત બનશે. સરકારે અધિકારીઓને પણ તાકીદ કરી છે કે વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી ઝડપથી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવે. આમ, આ સત્ર વિકાસ અને કાયદાકીય મજબૂતીના સંકલ્પ સાથે પૂર્ણ થયું છે.

# ગુજરાતમાં ફરી માવઠાની આગાહી: ૨૯-૩૦ માર્ચે યલો એલર્ટ જાહેર

અમદાવાદ, તા.૨૬



રાજ્યમાં ભર ઉનાળાની શરૂઆત વચ્ચે જ હવામાન વિભાગે ફરી માવઠાની આગાહી કરતા ચિંતા વધી છે. ૨૯ અને ૩૦ માર્ચ દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ સાથે ગાજવીજ અને પવનની અસર જોવા મળશે. હવામાન વિભાગે આ બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યો છે. આગાહી મુજબ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ અને વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. હવામાનમાં આવેલા આ અચાનક ફેરફાર પાછળ બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થવી અને સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જવાબદાર માનવામાં આવે છે. આ સિસ્ટમોના સંયુક્ત પ્રભાવને કારણે રાજ્યમાં કમોસમી વરસાદી પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

# જૂનાગઢ: લિવ-ઈન પાર્ટનરની હત્યાના કેસમાં સૂરજ ભુવાજીના જામીન સુપ્રીમ કોર્ટે રદ કર્યા

જૂનાગઢ,તા.૨૬

લિવ-ઈન પાર્ટનરની હત્યા કરી પુરાવા નષ્ટ કરવાના ગંભીર આરોપમાં ઘેરાયેલા સૂરજ ભુવાજી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે સૂરજ ભુવાજી સહિત ચારેય આરોપીઓને મળેલા જામીન રદ કરી, તેમને ચાર અઠવાડિયામાં આત્મસમર્પણ કરવા આદેશ આપ્યો છે.

કેસની વિગતો મુજબ, સૂરજ ભુવાજીએ ૨૨ વર્ષીય યુવતીની ગળું દબાવી હત્યા કર્યા બાદ મૃતદેહ સળગાવી દીધો હતો. આરોપીઓએ પોલીસને ગેરમાર્ગે દોરવા યુવતીના મોબાઈલથી ખોટા મેસેજ કરવા અને સીસીટીવી (CCTV) સામે નાટકો કરવા જેવા અનેક પ્રયાસો કર્યા હતા. અગાઉ હાઈકોર્ટે તેમને જામીન આપ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે ગુનાની ગંભીરતા જોતા આ નિર્ણય પલટી નાખ્યો છે. આ ચુકાદાથી પીડિત પરિવારને ન્યાયની આશા બંધાઈ છે.

# રાજ્યમાં પોલીસ કસ્ટડીમાંથી ૨,૩૩૨ કિલો ડ્રગ્સ 'ગાયબ': CAG રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં નશાબંધીના દાવાઓ વચ્ચે કેગ (CAG) ના રિપોર્ટમાં એક અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે. છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યના પોલીસ સ્ટેશનો દ્વારા જપ્ત કરાયેલા કુલ ડ્રગ્સમાંથી અંદાજે ૩૫% જથ્થો (૨,૩૩૨ કિલો) રેકોર્ડ પરથી ગાયબ જોવા મળ્યો છે. આ આંકડા સામે આવતા જ પોલીસ તંત્રની કામગીરી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

ઓડિટ મુજબ, પોલીસે કુલ ૬,૫૧૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું, જેમાંથી માત્ર ૪,૧૭૭ કિલોનો જ નિકાલ કરવામાં આવ્યો છે. બાકીના જથ્થા અંગે પોલીસ તંત્ર દ્વારા એવો વિચિત્ર તર્ક આપવામાં આવ્યો છે કે, આ માલ કાં તો ઉંદરો ખાઈ ગયા છે અથવા તો તેની ચોરી



થઈ છે. આ ઉપરાંત, ગાંજા જેવા પદાર્થોમાં ભેજ સુકાઈ જવાથી વજનમાં ઘટાડો થયો હોવાનું કારણ પણ રજૂ કરાયું છે.

નિષ્ણાતો આને ગંભીર ગુનાહિત બેદરકારી ગણાવી રહ્યા છે. કરોડોની કિંમતનું ડ્રગ્સ સુરક્ષિત કસ્ટડીમાંથી ગાયબ થઈ જવું એ વહીવટી પારદર્શિતા પર સવાલ ઉઠાવે છે. આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ અને જવાબદારો સામે કડક પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

# ગુજરાત પોલીસમાં મોટા પાયે બદલી: ૫૧૮ PIની ટ્રાન્સફર, ૨૫૪ને નવું પોસ્ટિંગ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા પોલીસ વિભાગમાં મોટા પાયે વહીવટી ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્ય પોલીસ વડા દ્વારા ૨૫૪ પોલીસ ઈન્સ્પેક્ટરને પ્રમોશન બાદ વિવિધ સ્થળોએ પોસ્ટિંગ આપવામાં આવ્યું છે, જ્યારે ૫૧૮ બિન હથિયારધારી PIની પણ બદલી કરવામાં આવી છે. ત્રણ વર્ષથી વધુ સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા અધિકારીઓને ટ્રાન્સફર કરાયા છે. અમદાવાદ શહેરમાં પણ આ બદલીઓનો વ્યાપક પ્રભાવ જોવા મળ્યો છે. કુલ ૪૭ PIની અન્ય શહેરો, જિલ્લાઓ અને એજન્સીઓમાં બદલી કરવામાં આવી છે. નરોડા, નારોલ, રાણીપ અને ગાયકવાડ હવેલી જેવા મહત્વના પોલીસ સ્ટેશનોના અધિકારીઓનો સમાવેશ થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે અગાઉ અમદાવાદમાં ફરજ બજાવી ચૂકેલા PIને ફરી શહેરમાં નિમણૂક આપવામાં આવી છે.

# ઈંધણની અછતની અફવાથી અમદાવાદમાં બે દિવસમાં ૩૭ કરોડનું પેટ્રોલ-ડીઝલ વેચાયું

અમદાવાદ,તા.૨૬

ગુજરાતના મોટા શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે તેવી વહેતી થયેલી અફવાઓએ ભારે અરાજકતા પેદા કરી છે. લોકોએ અગમચેતીના ભાગરૂપે વાહનોની ટાંકીઓ ફૂલ કરાવવા માટે ભારે પડાપડી કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, માત્ર ૨ દિવસના ટૂંકા ગાળામાં અમદાવાદમાં ૩૭ કરોડ રૂપિયાથી વધુના ઈંધણનું વેચાણ થયું છે. સામાન્ય દિવસોની સરખામણીએ વેચાણ ત્રણ ગણું વધી ગયું હતું. બીજી તરફ, વડોદરામાં એક નવો જ ટ્રેન્ડ જોવા મળ્યો છે. ઈંધણની વારંવાર ઊભી થતી અછત અને વધતા ભાવના ડરથી કંટાળીને લોકો હવે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) તરફ વળી રહ્યા છે. છેલ્લા ૪૮ કલાકમાં



વડોદરામાં ઈલેક્ટ્રિક કાર અને બાઈકના બુકિંગ તથા પૂછપરછમાં પાંચ ગણો વધારો નોંધાયો છે. રાજ્ય સરકાર અને પુરવઠા વિભાગે વારંવાર સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને કોઈ અછત નથી. તેમ છતાં, સોશિયલ મીડિયાની અફવાઓએ જનતાને મુશ્કેલીમાં મૂકી દીધી છે. આ ઘટના સાબિત કરે છે કે એક નાનકડી અફવા કેવી રીતે આર્થિક અને સામાજિક અરાજકતા સર્જી શકે છે.

# પીએમ મોદી ૩૧ માર્ચે ગુજરાતમાં પ્રવાસે : સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ અને ગાંધીનગરમાં મ્યુઝિયમનું લોકાર્પણ કરશે

ગાંધસનગર, તા.૨૬



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. તેઓ સવારે ૯:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ ઉતરી સીધા ગાંધીનગરના કોબા તીર્થ જશે, જ્યાં જૈન મુનિ પદ્મસાગરસુરીશ્વરજીની પ્રેરણાથી બનેલા 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરશે. આ મ્યુઝિયમમાં મુનિશ્રીના ૨.૫ લાખ કિમીના પદવિહારની સ્મૃતિઓ અને જૈન સંસ્કૃતિના દુર્લભ દસ્તાવેજો પ્રદર્શિત કરાયા છે. ત્યારબાદ, બપોરે ૧૨:૩૦ કલાકે પીએમ સાણંદમાં Kaynes Semicon પ્રોજેક્ટનું લોકાર્પણ કરી ગુજરાતને સેમિકન્ડક્ટર હબ બનાવવાની દિશામાં નવું કદમ ઉઠાવશે. અંતિમ ચરણમાં, તેઓ ડીસામાં વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને જંગી જાહેરસભાને સંબોધશે. સાંજે ૫:૩૦ કલાકે પીએમ ડીસાથી આસામ જવા રવાના થશે.






# પાલીતાણા જૈન બાલાશ્રમના ગૃહપતિ સામે વિદ્યાર્થી સાથે કુકર્મ આચર્યાનો આક્ષેપ

ભાવનગર,તા.૨૬



પાલીતાણાના તળેટી રોડ પર આવેલા સિધ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીંના ગૃહપતિ હસમુખ શાહ પર છેલ્લા ત્રણ વર્ષથી એક વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચરવા અને માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપ લાગ્યા છે. ગૃહપતિ વિદ્યાર્થીને કરિયર સર્ટિફિકેટ ન આપવાની ધમકી આપી આ કૃત્ય આચરતો હતો.

આ ઘટનાની જાણ થતા સંસ્થાના ટ્રસ્ટીઓએ ગૃહપતિને તાત્કાલિક સસ્પેન્ડ કરી દીધા છે. જોકે, પીડિત વિદ્યાર્થીના પિતાએ ભાવનગર એસપીને લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે. પિતાના જણાવ્યા મુજબ, અન્ય બાળકો સાથે પણ આવું બન્યું હોવાની શક્યતા છે, પરંતુ અન્ય વાલીઓ દબાણ હેઠળ છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# સુરતના ખજાદ પ્લાન્ટમાં ત્રીજા દિવસે પણ આગ યથાવત્, કચરા કૌભાંડની આશંકા

સુરત,તા.૨૬



સુરત મહાનગરપાલિકાની ખજાદ કચરા નિકાલ સાઈટ પર લાગેલી ભીષણ આગ સતત ત્રીજા દિવસે પણ બેકાબૂ છે. ૮ કિમી દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા પ્રદૂષણનું સ્તર ચિંતાજનક રીતે વધ્યું છે. ફાયર વિભાગના ૫૦થી વધુ જવાનો ૨૫ લાખ લિટર પાણીનો છંટકાવ કરવા છતાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શક્યા નથી.

માત્ર ૫૨ દિવસમાં બીજી વાર આગ લાગતા હવે આ ઘટના શંકાસ્પદ બની છે. ૧૬ લાખ ટન કચરાનો નિકાલ બાકી હોવાથી, કથિત 'કચરા કૌભાંડ' છુપાવવા આગ લગાડવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કોંગ્રેસ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે આ મામલે કડક તપાસની માંગ કરી છે.








